RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 121, Dt.31-07-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોદી સરકારના ૧૦ વર્ષમાં દેશનું દેવું ત્રણ ગણું વધ્યું!



## આ વર્ષે કેન્દ્ર સરકાર પર દેવુ વધી રૂા.૧૭૨ લાખ કરોડ થયુઃ છ વર્ષમાં દેશ સમક્ષ અનેક આર્થિક પડકારો જોવા મળ્યાઃ કોરોના મહામારીને કારણે દેવામાં અનેકગણો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના માથે દેવું સતત વધી રહ્યું છે. આ વર્ષે કેન્દ્ર સરકાર પર દેવું વધી રૂ. ૧૭૨ લાખ કરોડ થયું છે. જે દેશની કુલ જીડીપીના ૫૮.૨ ટકા છે. જો રાજ્ય સરકારના દેવાના આંકડાઓ પણ સામેલ કરીએ તો તેમાં મોટો વધારો થશે. ભારત પર દેવું એ અવારનવાર ચર્ચાનો વિષય રહ્યો છે. જ્યારે સરકારનો ખર્ચ તેની આવક કરતાં વધી જાય છે, ત્યારે તે ઉધાર લે છે. આ ઉધાર જ સરકારી દેવાં તરીકે ઓળખાય છે. જેના બે પ્રકાર છે- એક પોતાના દેશમાંથી જ લોન લેવી અને બીજુ અન્ય દેશોમાંથી લેવામાં આવતું ઉધાર.

કેન્દ્ર સરકાર પર દરવર્ષે દેવામાં વધારો થઈ રહ્યો છે. હાલમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં રજૂ કરેલા આંકડાઓ અનુસાર, ૨૦૧૮-૧૯માં દેશના માથે રૂ. ૯૩.૨૬ લાખ કરોડ દેવું હતું. જે ૨૦૨૪-૨૫ સુધીમાં વધી રૂ. ૧૮૫.૨૭ લાખ કરોડ થશે. અર્થાત ૨૦૧૮-૧૯માં જીડીપીના ૪૯.૩ ટકાથી વધી દેવુ ૨૦૨૪-૨૫માં ૫૬.૮ ટકા થશે. છ વર્ષમાં દેવુ વધી બમણુ થશે.

સરકારના જણાવ્યા પ્રમાણે, છેલ્લા છ વર્ષમાં અનેક આર્થિક પડકારો જોવા મળ્યા છે. લોકોની જરૂરિયાત પૂરી કરવા માટે સરકારે ખર્ચમાં વધારો કર્યો હોવાથી દેવું વધ્યું છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, બીજા દેશોની તુલનાએ ભારતની સ્થિતિ સારી છે. કારણકે, ભારતનું વિદેશી દેવું માત્ર ૧૮.૭ ટકા છે. જે ચીન, થાઈલેન્ડ, તુર્કી, વિયેતનામ, દક્ષિણ આફ્રિકા, અને બાંગ્લાદેશ કરતાં ઘણું ઓછુ છે. કુલ વિદેશી દેવું અને જીડીપી રેશિયોમાં ભારત ત્રીજો સૌથી ઓછું દેવું ધરાવતો દેશ છે.કોરોના મહામારી પહેલાં ૨૦૧૯-૨૦માં સરકારી દેવું વધી રૂ. ૧૦૫.૦૭ લાખ કરોડ થયુ હતું. જે દેશની જીડીપીના ૫૨.૩ ટકા હતું. કોરોના સમયે ૨૦૨૦-૨૧માં વધી રૂ. ૧૨૧.૮૬ લાખ કરોડ થયું હતું. જેની પાછળનું કારણ રાહત પેકેજ અને આર્થિક મદદ માટે સરકારી ખર્ચમાં વધારો હતો. ૨૦૨૧-૨૨માં રૂ. ૧૩૮.૬૬ લાખ કરોડ થયું હતું.

# હમાસના ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા કરી ઈઝરાયેલે ૭ ઓક્ટોબર હુમલાનો બદલો લીધો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયેલે તેના દુશ્મન હમાસ પાસેથી ૭ ઓક્ટોબરના હુમલાનો બદલો લીધો છે. બેન્જામિન નેતન્યાહુની ઈઝરાયેલ સેનાએ હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા કરી નાખી છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઈસ્માઈલ હાનિયાનું ઈરાનની રાજધાની તેહરાનમાં નિધન થયું છે. ઈઝરાયેલે ઈરાનની રાજધાની તેહરાનમાં હુમલો કરીને હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાને મારી નાખ્યો છે. જો કે હત્યા કેવી રીતે કરવામાં આવી તે અંગેની વિગતો બહાર આવી નથી.



ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સે બુધવારે સવારે જાહેરાત કરી હતી કે હમાસના વડા ઈસ્માઈલ હાનિયા અને તેમના એક અંગરક્ષક તેહરાનમાં તેમના નિવાસસ્થાન પર થયેલા હુમલામાં માર્યા ગયા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલાની તપાસ કરવામાં આવી રહી છે અને પરિણામ પછીથી જાહેર કરવામાં આવશે. હમાસ ચીફ ઈરાનના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થવા માટે તેહરાનમાં હતા.

હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા ઈઝરાયેલ માટે મોટી સફળતા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયેલને મોટો ઘા આપ્યો હતો. તે જ દિવસે, હમાસે મિસાઈલો અને રોકેટ વડે ઇઝરાયેલ પર મોટો હુમલો કર્યો, જેમાં ડઝનેક ઇઝરાયેલીઓ માર્યા ગયા. આ પછી જ ઈઝરાયેલે યુદ્ધની જાહેરાત કરી. ત્યારથી ઇઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ઈઝરાયેલે ૭ ઓક્ટોબરે હમાસ ચીફની હત્યા કરીને બદલો લીધો છે.

ઈઝરાયેલની હિંમતની ખાસ વાત એ છે કે તેણે ઈરાનની રાજધાની તેહરાનમાં ઘૂસીને હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા કરી નાખી. ઈરાનમાં ઘૂસીને હમાસના વડાની હત્યા કરવાનો અર્થ એ છે કે સ્થિતિ વધુ ખરાબ થવાની છે. ઈરાન ઈઝરાયેલના આ પગલા પર ચૂપ રહેવાનું નથી. ઈરાન ચોક્કસપણે ઈઝરાયેલ સામે બદલો લેવાનો પ્રયાસ કરશે.

# વાયનાડમાં ચારે તરફ તબાહીના દ્રશ્યોઃ મૃત્યુ આંક ૧૫૩ પહોંચ્યો

**મુખ્ય સમાચાર, વાયનાડ**

કેરળના વાયનાડમાં ભયાનક ભૂસ્ખલનમાં અનેક ગામડા સાફ થઈ જવા અને મૃત્યુઆંક ૧૫૩ પર પહોંચ્યો છે. ભારે વરસાદ વચ્ચે હજુ વધુ ભૂસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે. બે દિવસના 'રાજય શોક' વચ્ચે શાળા-કોલેજો બંધ રાખવામાં આવ્યા છે.

કેરળમાં મેઘરાજાનો કહેર હોય તેમ રાજયના ૧૨ જીલ્લાઓમાં ભારે વરસાદનો દોર ચાલુ રહ્યો હતો. વધુ વરસાદની ચેતવણી વચ્ચે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી.

ભારે વરસાદથી વાયનાડમાં સર્જાયેલા ભયંકર ભૂસ્ખલનથી અસરગ્રસ્ત ભાગોમાં સર્વત્ર તારાજીના દ્રશ્યો નજરે ચડી રહ્યાં છે. મૃત્યુઆંક સતત વધી રહેવા સામે હજુ સેંકડો લોકો લાપતા હોવાની આશંકા છે. સૈન્યની મદદથી બચાવકાર્ય ચાલુ હોવા છતાં વરસાદી કહેરને કારણે તેમાં અવરોધ સર્જાય રહ્યો છે. રાજય સરકારે તબીબોની ખાસ ટીમો પણ તૈયાર કરી છે અને રાહત છાવણીઓ પણ શરૂ કરવામાં આવી છે.



વાયનાડના ચુરલપાલા, વેલારીપારા, મુંડકાપિલ તથા પોથુકલુ ક્ષેત્રો સૌથી વધુ પ્રભાવિત રહ્યા છે. લાપતા લોકોની સંખ્યા ૯૮ની ગણાવવામાં આવી રહી હોવા છતાં આંકડો વધુ હોવાની આશંકા છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાને જ પ્રાથમીકતા આપવામાં આવી રહી છે.

હવામાન વિભાગ દ્વારા રાજયભરમાં હજુ ભારે વરસાદની ચેતવણી જારી જ રાખવામાં આવી છે ત્યારે વધુ ભૂસ્ખલનના જોખમને ધ્યાને રાખી તંત્રને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. એનડીઆરએફ-સૈન્ય સહિતની બચાવ ટુકડીઓ બચાવ કામગીરીમાં તૈનાત છે જ પરંતુ ભૂસ્ખલન વચ્ચે ભારે વરસાદથી નદીઓ ગાંડીતૂર હોવાથી અનેક લોકો તણાઈ ગયા હોવાની પણ આશંકા દર્શાવવામાં આવી રહી છે.

# રાજકીય પક્ષોને મળેલાં દાનથી સરકારી તિજોરીને ચાર હજાર કરોડનું નુકસાન

## પાછલા ૯ વર્ષમાં લગભગ ૧૨૨૭૦ કરોડ રૂપિયાની ટેક્સ છૂટ અપાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકારણીઓને દાન, ઉદ્યોગપતિઓને ધંધો અને જનતાને એટલે કે સરકારની તિજોરીને નુકસાન. કંપનીઓ અને અન્ય કરદાતાઓ દ્વારા રાજકીય પક્ષોને દાન પર કર રાહતનો નિયમ સમાન વાર્તા કહે છે. ૨૦૨૨-૨૩માં રાજકીય પક્ષોને આપવામાં આવેલા દાન પર ટેક્સ છૂટને કારણે કેન્દ્ર સરકારને ૩૯૬૭.૫૪ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું. આવકવેરામાં મુક્તિનો આ નિયમ ભલે સરકારે બનાવ્યો હોય પરંતુ વાસ્તવમાં તેનાથી જનતાની તિજોરીને નુકસાન થઈ



રહ્યું છે. આ રકમથી વિકાસના અનેક કામો થઈ શકશે. કોર્પોરેટ કંપનીઓ ઉપરાંત, કર મુકિતના લાભાર્થીઓમાં ફર્મ, એચયુએફ (હિંદુ અવિભાજિત કુટુંબ) અને વ્યક્તિગત કરદાતાઓનો સમાવેશ થાય છે.

સત્તાવાર માહિતી અનુસાર, કેન્દ્ર સરકારે દાન પર છૂટ આપીને છેલ્લા નવ વર્ષમાં રાજકીય પક્ષોને લગભગ ૧૨૨૭૦ કરોડ રૂપિયાની ટેક્સ છૂટ આપી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ રકમ માત્ર ૧૭૦ કરોડ રૂપિયા હતી, જે ૨૦૨૨-૨૩ સુધીમાં લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. છેલ્લા નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)ના ડેટાની હજુ રાહ જોવાઈ રહી છે.

આવકવેરા કાયદામાં રાજકીય પક્ષોને કાયદેસરની નાણાકીય સહાય માટે કર મુક્તિની જોગવાઈ છે. અધિનિયમની કલમ 80GGB અને 80GGC મુજબ, કુલ આવકમાંથી બાદ કરીને ભારતીય કંપનીઓ, પેઢીઓ, સંસ્થા, સંસ્થા, વ્યકિતઓ અથવા અડધા કરદાતાઓ દ્વારા રાજકીય પક્ષોને ચેક, ઓનલાઈન અથવા ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા આપવામાં આવેલા દાનની રકમ પર આવકવેરો ગણવામાં આવે છે. . તે ગયી.

જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૨૯અ હેઠળ ચૂંટણી પંચમાં નોંધાયેલ પક્ષને દાન પર જ કર મુક્તિ ઉપલબ્ધ છે. દેશમાં છ રાષ્ટ્રીય પક્ષો, ૫૭ રાજ્ય સ્તરીય પક્ષો અને ૨૭૬૪ અન્ય રાજકીય પક્ષો છે.

# ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ત્રણ લાખથી વધુ જીએસટી રજીસ્ટ્રેશન રદ થયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગેરમાન્ય બેંક એકાઉન્ટ, કાયદાનું યોગ્ય રીતે પાલન નહીં કરવું જેવા વિવિધ કારણોસર ગુજરાતમાંથી નવા નાણાકીય વર્ષમાં જૂન સુધીમાં જ ૫૦,૦૦૦થી વધુના જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ થયાનું સામે આવ્યું છે.

વ્યવસાયને તાળા લાગવા, પ્રોપરાઈટરનું અવસાન થવું, રીટર્ન ભરવામાં નિષ્ફળતા, મર્જર થવું, બિઝનેસના બંધારણમાં ફેરફાર કરવો, છેતરપિંડી કરવા માટે રજીસ્ટ્રેશન મેળવવું, માહિતી છુપાવવી જેવા વિવિધ કારણોસર જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ કરવામાં આવતું હોય છે. આ પ્રકારના વિવિધ કારણો સાથે ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં જૂન સુધી કુલ ૫૦,૨૯૮ એકમ-વેપારીના જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ કરાયા છે. નવા નાણાકીય વર્ષમાં એટલે કે એપ્રિલથી જૂન સુધી સૌથી વધુ જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ થયા હોય





તેમાં ઉત્તર પ્રદેશ ૯૩૩૦૫ સાથે મોખરે છે, મહારાષ્ટ્ર ૫૬૯૧૯ સાથે બીજા જ્યારે ગુજરાત ત્રીજા સ્થાને છે.

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫માં જૂન સુધી કુલ ૩.૩૮ લાખથી વધુના જીએસટી રજીસ્ટ્રેશન કેન્સલ થયેલા છે. જે પણ રજીસ્ટ્રેન એકવાર કેન્સલ થયા બાદ ફરી રજીસ્ટ્રેશન અપાયુ હોય અને તે ફરી કેન્સલ થાય તો તેને એક જ હેઠળ ગણવામાં આવે છે. જે જીએસટીઆઈએન સસ્પેન્ડ થયેલા છે તેને આ હેઠળ ગણાયા નથી. જે જીએસટી રજીસ્ટ્રેશનને વિવિધ કારણોસર કેન્સલ કરાયા છે તેને ટેક્સ ઓફિસર દ્વારા 'મલ્ટિપલ રીઝન્સ' એવું કારણ અપાયું છે.

ગુજરાતમાં કેન્સલ થયેલા જીએસટી રજીસ્ટ્રેશનની વાત કરીએ તો ૨૦૨૧-૨૨માં ૯૯,૩૯૯, ૨૦૨૨-૨૩માં ૯૫,૫૨૫, ૨૦૨૩-૨૪માં ૯૩,૧૬૩, ૨૦૨૪-૨૫માં ૫૦,૨૯૮ રજિસ્ટ્રેશન કેન્સલ થયા છે.

# મોદી સરકાર સામે પેન્શનધારકોનો રોષ, આઠ વર્ષ જૂની માંગ માટે હવે રસ્તા પર ઊતરવાની તૈયારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કર્મચારી પેન્શન યોજના હેઠળ આવતા પેન્શનધારકોએ લઘુત્તમ માસિક પેન્શન વધારીને રૂ. ૭૫૦૦ કરવા સહિતની પોતાની માંગણીઓ માટે ૩૧ જુલાઈના રોજ વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય કર્યો છે. EPS-95 રાષ્ટ્રીય સંઘર્ષ સમિતિના ચેરમેન કમાંડર અશોક રાઉતે માહિતી આપતા જણાવ્યું કે, લાંબા સમય સુધી નિયમિત પેન્શન નિધિમાં યોગદાન કર્યા છતાં પેન્શનધારકોને એટલું ઓછું પેન્શન મળી રહ્યું છે કે, તેમને પોતાનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૮ વર્ષથી દેશભરના ૭૮ લાખ પેન્શનધારકો લઘુત્તમ પેન્શન વધારવાની માંગ કરી રહ્યા છે. પરંતુ સરકાર દ્વારા તેમની માંગ પર હજું સુધી સુનાવણી કરવામાં નથી આવી.





તેમણે જણાવ્યું કે, હાલમાં પેન્શનધારકોને સરેરાશ માસિક રૂ. ૧,૪૫૦ પેન્શન મળી રહ્યું છે. પેન્શનધારકો મોંઘવારી ભથ્થા સાથે મૂળ પેન્શન વધારીને રૂ. ૭૫૦૦ પ્રતિ માસ કરવા અને પેન્શનધારકોના લાઈફ પાર્ટનર (પતિ કે પત્ની)ને મફત આરોગ્ય સંબંધિત સુવિધાઓ પૂરી પાડવા સહિતની અન્ય માંગ કરી રહ્યા છે. રાઉતે કહ્યું કે, પીએમ મોદી સાથે બે વખત અને નાણા મંત્રી તથા શ્રમ મંત્રી સાથે વાતચીત કર્યા બાદપણ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નથી આવી. જેના કારણે પેન્શનધારકોમાં નિરાશા વધી છે. તમને જણાવી દઈએ કે પેન્શનધારકો દ્વારા લાંબા સમયથી પેન્શનની રકમ વધારવાની માંગ કરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે, હવે અમે એ જ રાજકીય પક્ષોને સમર્થન આપીશું જેઓ અમારી સમસ્યાઓના ઉકેલ લાવવા માટે આગળ આવશે. અમારો સંઘર્ષ ચાલુ રહેશે. સંઘર્ષ સમિતિના રાષ્ટ્રીય સચિવ રમેશ બહુગુણાએ કહ્યું કે, સમિતિની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક ૨૯ અને ૩૦ જુલાઈએ દિલ્હીમાં યોજાઈ રહી છે. જેમાં પેન્શનધારકોની માંગણીઓ અંગે ચર્ચા કરવામાં આવશે. જો માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો ૩૧મી જુલાઈ અને ૧લી ઓગસ્ટના રોજ જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે, જેમાં દેશભરના પેન્શનધારકો સામેલ થશે.

નોંધનીય છે કે, EPS (કર્મચારી પેન્શન યોજના), ૯૫ હેઠળ આવતા કર્મચારીઓના મૂળ પગારના ૧૨% હિસ્સો ભવિષ્ય નિધિ (PF)માં જાય છે. બીજી તરફ એમ્પલોયરના ૧૨% હિસ્સામાંથી ૮.૩૩% કર્મચારી પેન્શન યોજના (ઊડ્જ)માં જાય છે. આ ઉપરાંત પેન્શન ફંડમાં સરકાર ૧.૧૬% યોગદાન આપે છે. આ હેઠળ મળતું પેન્શન મોંઘવારી કરતાં ઘણું ઓછું છે. જેને લઈને પેન્શનધારકો પેન્શનની રકમ વધારવા માંગ કરી રહ્યા છે.

# ભારત ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનશે, ૨૫ કરોડ લોકો ગરીબીની રેખામાંથી બહાર આવ્યાઃ નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બજેટ અંગે પીએમ મોદીએ તાજેતરમાં જ દાવો કર્યો હતો કે તે દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. બીજી તરફ CII દ્વારા આયોજિત એક સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય અર્થવ્યવસ્થાને લઈને મોટો દાવો કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા ૮%થી વધુની ઝડપે વધી રહી છે અને તે દિવસ દૂર નથી જ્યારે દેશ મારા ત્રીજા કાર્યકાળમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવશે.

CII સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે, હું જે સમુદાયમાંથી આવું છું તે સમુદાયની ઓળખ બની ગઈ છે. ચૂંટણી પહેલાં જે વાતો કરતાં તેને ચૂંટણી પછી ભૂલાવી દેવામાં આવે છે. પરંતુ હું તે સમુદાયમાં અપવાદ છું. પીએમ



મોદીએ કહ્યું કે, મેં કહ્યું હતું કે મારા ત્રીજા કાર્યકાળમાં દેશ ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે. ભારત સતત મક્કમ પગલાંઓ સાથે આગળ વધી રહ્યું છે. ૨૦૧૪માં તમે અમને દેશની સેવા કરવાની તક આપી હતી. ૨૦૧૪માં જ્યારે સરકાર બની ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ જ હતો કે અર્થવ્યવસ્થાને પાછી પાટા પર કેવી રીતે લાવવી.

પીએમ મોદીએ કહ્યું કે મૂડી ખર્ચ ૧૦ વર્ષમાં પાંચ ગણાથી વધીને ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી ગયો છે. સરકારે છેલ્લા ૧૦ વર્ષોમાં મંત્રાલયોની ફાળવણીમાં રેકોર્ડ વધારો કર્યો છે જ્યારે ટેક્સના દર રેકોર્ડ નીચા સ્તરે આવી ગયા છે. સરકાર જે ઝડપે અને સ્કેલ પર ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહી છે તે અભૂતપૂર્વ છે. ભારત દરેક સેક્ટરની ઇકોનોમી પર ફોક્સ કરી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે અગાઉની સરકારની તુલનામાં અમારી સરકારે રેલવેના બજેટમાં ૮ ગણો વધારો કર્યો છે. હાઇવે બજેટમાં ૮ ગણો વધારો કરવામાં આવ્યો છે. કૃષિ બજેટમાં ૪ ગણો અને સંરક્ષણ બજેટમાં ૨ ગણો વધારો કરવામાં આવ્યો છે. અમારી સરકારનો ઇરાદો અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ છે, અમે સંપૂર્ણ રીતે વિકસિત ભારત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે ટૂંક સમયમાં જ ઓફશોર મિનરલ બ્લોકની હરાજી શરુ કરીશું.

આજે ભારત મોબાઇલ ફોનનું ટોચનું ઉત્પાદક છે. આજે ભારતમાં ૧.૪૦ લાખ સ્ટાર્ટઅપ છે અને આઠ કરોડ લોકોએ મુદ્રા લોનથી પોતાનો બિઝનેસ શરુ કર્યો છે. વિશ્વભરના રોકાણકારો ભારતમાં આવવા ઉત્સુક છે. ઉદ્યોગ માટે આ એક સુવર્ણ તક છે અને આપણે તેને ગુમાવવી ન જોઈએ. પીએમ મોદીએ કહ્યું છે કે દેશના ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર કાઢવામાં આવ્યા છે અને હવે ભારતનો ટાર્ગેટ વૈશ્વિક સ્તર પર ત્રીજા નંબરની ઇકોનોમી બનવા પર છે.

# મોરબી જીલ્લા પોલીસની તવાઈ:વર્લીફીચર્સ અને તીનપત્તીનો જુગાર રમતા ૫ મહિલા સહિત ૧૦ની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના અલગ અલગ પોલીસ મથક દ્વારા જુદા જુદા સ્થળોએ જેમાં મોરબીના ત્રાજપરમાં એક સહિત માળીયા(મી), નવી નવલખી, વાંકાનેર સીટી, વાંકાનેર તાલુકા સહિત છ દરોડા વર્લીફીચર્સ અને તીનપત્તીનો જુગાર રમી રહેલા પાંચ મહિલા સહિત ૧૦ જુગારીને ઝડપી લેવાના આવ્યા છે.

જુગારના પ્રથમ દરોડાની મળતી વિગતો અનુસાર મોરબી બી ડિવિઝન પોલીસે મોરબી-૨ ત્રાજપરમાં ચોરાવાળી શેરીમાંથી તીનપત્તીનો જુગાર રમી રહેલા દિવુબેન કરમશી કળાન્દ્રા ઉવ.૫૦ રહે.ત્રાજપર ચોરાવાળી શેરીમાં મોરબી-૨, વર્ષાબેન વીરમભાઇ પનારા ઉવ.૩૦ રહે.મફતીયાપરામાં, ઉમા ટાઉનશીપની બાજુમાં મોરબી-૨, અવનીબેન રવીભાઇ વરાણીયા ઉવ.૨૮ રહે.ત્રાજપર ચોરાવાળી શેરીમાં મોરબી-૨, રૂપીબેન રમેશભાઇ વરાણીયા ઉવ.૫૮ રહે.ત્રાજપર ગામ રામજી મંદિર પાસે, શારદાબેન કાંતીલાલ પાડાલીયા ઉવ.૫૮ રહે.ત્રાજપર ચોરાવાળી શેરીમાં મોરબી-૨ને રોકડા રૂ.૩,૬૭૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

જયારે બીજા દરોડામાં માળીયા(મી)માં દરબારગઢ પાસે જાહેરમાં વરલીફીચર્સના આંકડાનો જુગાર રમી રહેલા યાસીનભાઈ હુશેનભાઈ મોવર ઉવ-૪૧ રહે.દરબારગઢ પાછળ મોવર શેરી માળીયા.મીંને રોકડા રૂ.૩૫૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો છે જ્યારે ત્રીજા દરોડામાં માળીયા(મી) તાલુકાના નવી નવલખી ગામે દરગાહ પાસે જાહેરમાં વર્લીમટકાના આંકડાનો નસીબ આધારિત જુગાર રમતા આરોપી હનીફભાઇ હાજીભાઇ બુચડ ઉવ.૨૫ રહે.નવી નવલખી તા.માળીયા(મી)ની રોકડ રકમ રૂ.૪૦૦/-સાથે અટક કરવામાં આવી છે.

જયારે ચોથા દરોડામાં માળીયા(મી)માં મોટીબજાર જામની શેરીમાં વર્લીના આંકડાઓ નોટબુકમાં લખી પૈસાની હારજીતનો જુગાર રમી રહેલા શિવાભાઇ સુરેશભાઇ પરસોંડા ઉવ.૨૮ રહે.માળીયા(મી) વાડાવિસ્તારવાળાને પકડી પાડી તેની પાસેથી જુગારના રૂ.૪૫૦/-કબ્જે કરવામાં આવ્યા હતા. જુગારના પાંચમા દરોડામાં વાંકાનેરના નવાપરાના નાકા પાસે વર્લીફીચર્સના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતો રાજેંદ્રસિંહ ભરતસિંહ કૌશલ્યા ઉવ-૩૨ રહે.પરશુરામ પોટરી વાંકાનેરને રંગે હાથ ઝડપી લેવાયો છે. પોલીસે તેની પાસેથી રોકડા રૂ.૨૨૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જુગારના છઠ્ઠા દરોડામાં વાંકાનેરના સરતાનપર ગામ નજીક સેન્સો ચોકડી પાસેથી વરલીફીચર્સના આંકડાનો નસીબ આધારિત રૂપિયા વડે જુગાર રમી-રમાડતા મૂળ અમદાવાદ જીલ્લાના રણીપુરા ગામનો વતની હાલ સેન્સો ચોકડી વિહોટ હોટલ પાછળ રહેતો આરોપી નીતેશભાઇ ભીખાજીભાઇ ખાભેલીયા ઉવ.૨૫ને વર્લીફીચર્સના જુગાર રમવાના સાહિત્ય સહિત રોકડા રૂ.૫૫૦/-ના મુદામાલ સાથે ઝડપી લઇ તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં દારૂ – જુગારની ક્લબ ઝડપાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબી પોલીસે શહેરના રોઝી પેટ્રોલપંપ પાસે આવેલ સરદાર પટેલ આવાસમાં દરોડો પાડી ચાર મોટરસાયકલ, પાંચ મોબાઈલ ફોન અને ૧૨ દારૂની બોટલ સહિત રૂ.૨.૮૮ લાખની મત્તા સાથે સાત શખ્સોની અટકાયત કરી જામનગર જીલ્લા માથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ .વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. આર.કે.કરમટા, તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા અંગે જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા . દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના હરદીપભાઇ બારડ તથા રૂષિરાજસિંહ વાળા ને ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે , જામનગર શહેરમાં રોજી પેટ્રોલપંપ પાસે સરદાર પટેલ આવાસમાં બ્લોક એ -૨ , માં ફ્લેટ નંબર ૧૨૦૩ માં રહેતા રાજેશભાઇ ઉર્ફે રાજુ ભીમશીભાઇ વરૂ પોતાના કબ્જા ભોગવટાના ફ્લેટમાં બહારથી માણસો એકઠા કરી , ગંજીપતા ના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડે છે.તેવી હકિકત આધારે નીચે મુજબના ઇસમોને રોકડ તથા ગંજીપતાના પાના મો.ફોન તથા મો.સા. મળી રૂ . ૨૮૮,૫૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ હરદીપભાઇ બારડ એ ફરીયાદ રીપોર્ટ આપતા પો . સબ ઇન્સ . આર.કે.કરમટા નાઓએ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરેલ છે . પકડાયેલ આરોપીઓ રાજેશભાઇ ઉર્ફે રાજુ ભીમશીભાઇ વરૂ રહે.એરફોર્સ -૨ ની સામે , સરદાર પટેલ ભવન , ફ્લેટ નંબર ૧૨૦૩ જામનગર મુળ- કૃષ્ણગઢ તા.ભાણવડ જી.દેવભુમિ દ્વારકા જુગાર રમાડનાર નિતીનભાઇ ધનજીભાઇ ચાવડા રહે . ગોકુલનગર જામનગર મુળ- બેરાજા તા.ખંભાળીયા જી.દેવભુમિ દ્વારકા વિપુલભાઇ શંકરલાલ દામા રહે . દિ.પ્લોટ - ૫૮ , ગરબીચોક , ભાનુપ્રોવિઝન સ્ટોરની બાજુમાં હમીરભાઇ ગોવાભાઇ વાળા રહે . સિધ્ધીવિનાયક પાર્ક , શેરી નંબર ૧૧ , સાધના કોલોની પાછળ , જામનગર શૈલેષભાઇ મુળજીભાઇ આદ્રોજા પટેલ રહે . સરપદડગામ રામદેવપીર પ્લોટ , તા.પડધરી જી.રાજકોટ નિલેશભાઇ ભીખાભાઇ અકબરી રહે . દરેડ તા.જી.જામનગર મુળ- રીનારી તા.કાલાવડ જી.જામનગર અનિરૂધ્ધભાઇ ગોરધનભાઇ ચોવટીયા રહે . એમ્યુમેન્ટપાર્ક , ક્રિષ્ટલ કોર્નર એપાર્ટમેન્ટ , બ્લોક નંબર ૧૦૧ , જામનગર કબ્જે કરેલ મુદામાલ ૧ રોકડ રૂપીયા ૧,૫૨,૫૦૦ - ૨ મોબાઇલ ફોન ૫ કિ.રૂ. ૧૬૦૦૦ - ૩ મોટર સાયકલ -૪ કિ.રૂ. ૧,૨૦,૦૦.૪ ગંજીપતાના પાના કુલ મુદામાલ કિ.રૂ. ૨,૮૮,૫૦૦ તેમજ રાજેશભાઇ ઉર્ફે રાજુ ભીમશીભાઇ વરૂ રહે.એરફોર્સ -૨ ની સામે , સરદાર પટેલ ભવન , લેટ- ૧૨૦૩ જામનગર વાળાના કબ્જાના ફલેટમા ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ બોટલ- ૧૨ કિ.રૂ. ૪૮૦૦નો મુદામાલ મળી આવતા મજકુર વિરૂધ્ધ પ્રોહીબીશન હેઠળ કાર્યવાહી કરવામા આવેલ છે . આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , નાનજીભાઇ પટેલ , શરદભાઇ પરમાર , દિલીપભાઇ તલવાડીયા વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી હિતેન્દ્રસિંહ જાડેજા , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , કાસમ બ્લોચ , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , કલ્પેશભાઇ મૈયડ ,ધમેન્દ્રસિંહ જાડેજા , સુરેશભાઇ માલકીયા , દયારામ ત્રિવેદી બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગર ખાતે ભગવાનની છબી ખંડન કર્યાના મામલે સિંધી સમાજ દ્વારા સજજડ બંધ પાડી વિરોધ નોંધાવાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની બર્ધનચોક સિંધી ક્લોથ માર્કેટમાં આવત્તી સમગ્ર જિલ્લાની પ્રજા માટે રાખવામાં આવેલ પાણીના પરબ નજીક ઇષ્ટદેવ ભગવાન ઝુલેલાલજી છબીમાં રાત્રે રોજીંદા સમયાંતર મુજબ વસ્તી કરી ગયા બાદ સવારે માર્કેટના વેપારીઓ દ્વારા પોતાના રોજગાર ધંધે આવતા કિસ્સો પ્રકાશમાં આવતા આ બાબતે સમગ્ર સિંધી ક્લોથ માર્કેટ સહિત સિંધી સમાજની લાગણી દુભાઈ હતી.બર્ધનચોક વિસ્તાર છેલ્લા કેટલાક મહિનાઓથી દબાણના ચર્ચાઓના ચકડોળે ચડ્યું છે જેમાં ફરી કોઈ અસામાજિક તત્વો દ્વારા શાંતિનો માહોલ ડોહળાવવનો પ્રયાસ ગત રાત્રે માર્કેટ બંધ કર્યા બાદ ઉભો કરાયાનો વેપારીઓ દ્વારા આક્ષેપ કરાયા છે જેમાં બપોરના બાદ આ બનાવ ને લઇ ઉગ્ર વિરોધ સાથે ઓચિંતા દુકાનો બંધ પાડી રેલી સ્વરૂપે જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીએ આ કાવતરું કરનારા તત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરાઇ છે.આ ઘટનાને લઇ સમગ્ર સિંધી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે હાલમાં ગત ૧૬ જુલાઈથી જ ઇષ્ટદેવ ભગવાન ઝુલેલાલજી માં પવિત્ર ચાલિહા મહોત્સવ ૪૦ દિન ના અનુષ્ઠાનના આસ્થાના દિવસો ચાલી રહ્યા છે આ દિવસો દરમિયાન અનેક આસ્થાઓ સાથે અનેરી ધાર્મિક ભાવનાઓને આ પવિત્ર દિવસો માં જોડાયેલી હોય છે તેવામાં આવી ધાર્મિક લાગણી દુભાવવાના કિસ્સાથી સમાજમાં રોષ પેદા થયો છે અને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી છે પ્રસાશન અને પોલીસ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી આ તત્વોને પકડી સારા જાહેર સરઘસ કાઢી કાયદાનું ભાન કરાવવાનો દાખલો બેસાડવાની માગ ઉઠી છે.

# મોરબીમાં મુખ્યમંત્રી આવાસ યોજનાના કામ ૧૧ વર્ષ થયા છતા પૂર્ણ ન થતા પાલિકાના અધિકારીઓ સામે ગુનો દાખલ કરવા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખની રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજનાના કામની મુદતમાં વારંવાર વધારો આપીને ૧૧ વર્ષ સુધી કામ પૂર્ણ ન કરવા દેનારા પાલીકાના અધિકારી અને જે તે સમયના પદાધિકારીઓ સામે ફરજમાં બેદરકારીનો ગુનો દાખલ કરવા મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરી માંગ કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખની રજુઆતમાં જણાવ્યા મુજબ રાજય સરકાર દ્વારા મધ્યમ વર્ગના અને ગરીબ પરિવારોને ઘર મળે તે માટે થઈને ગામોગામ મુખ્યમંત્રી આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવી રહયા છે. તેવી જ રીતે મોરબી નગરપાલીકા વિસ્તારમાં વર્ષ-૨૦૧૩ માં કુલ ૧૦૦૮ મકાનો બનાવવા માટે અમદાવાદની ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપનીને કોન્ટ્રકટ આપવામાં આવ્યો હતો અને મોરબીના લીલાપર રોડ ઉપર જે તે સમયે ૪૦૦ મકાનો બનાવવામાં આવ્યા છે. જેમાં આજની તારીખે પણ મોટા ભાગના મકાનો ખાલી પડયા છે અને બાકીના ૬૦૮ મકાન મોરબીના બાયપાસ રોડ ઉપર સર્વે નં.૧૪૧૫ માં બનાવવા માટેનું કામ કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવી રહયું છે. જો કે વર્ષ-૨૦૧૩ માં ૧૧ મહિનાની મુદત સાથે આ મકાન બનાવવા માટેનો વર્કઓર્ડર કોન્ટ્રાકટરને આપવામાં આવ્યો હતો. પરંતુ આજે વર્ષ-૨૦૨૪ સુધી તે મકાનનું કામ પૂર્ણ થયેલ નથી અને આ બેદરકાર કોન્ટ્રાકટરની સામે આકરા પગલા લઈને તેને બ્લેકલિસ્ટ કરવાના બદલે મોરબી નગરપાલીકાના અધિકારી અને જે તે સમયના પદાધિકારીઓ દ્વારા વારંવાર કોન્ટ્રાકટરને મુદતમાં વધારો આપવામાં આવ્યો. જેના કારણે આ મકાનનું કામ પૂર્ણ થયેલ નથી અને લોકોને તેમના ઘર મળ્યા નથી. ત્યારે ૧૧ વર્ષથી પોતાની ફરજમાં બેદરકારી દાખવનારા મોરબી નગરપાલીકાના અધિકારી અને જે તે સમયના પદાધિકારી સામે ફરજમાં બેદરકારીનો ગુનો નોંધી રાજકોટ મહાનગરપાલીકામાં જે રીતે અધિકારીઓ સામે ગુનો દાખલ થયો તેવો જ ગુનો દાખલ કરીને સમગ્ર ગુજરાતની અંદર નમુનારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે લેખિત રજુઆત કરવામાં આવી છે.

# જામનગર શહેરમાં ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા વાહનચાલકો સામે ટ્રાફિક શાખાની લાલ આંખ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરનારા વાહન ચાલકો પર આજે ટ્રાફિક શાખા એ તવાઈ બોલાવી છે, અને શહેરના જુદા જુદા વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઇવ રાખવામાં આવી હતી, અને કુલ ૧૮ જેટલા વાહનો ડીટેઇન કરી લેવામાં આવ્યા છે.જામનગરના સાત રસ્તા સર્કલ, ખંભાળિયા બાયપાસ ચોકડી, લાલપુર બાયપાસ ચોકડી, ઉપરાંત ટાઉનહોલ સર્કલ સહિતના વિસ્તારમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, અને ખાનગી મીની લકઝરી બસ, ઇકો કાર સહિતના અઢાર વાહનો ડીટેઇન કરી લેવાયા છે, અને તેઓ સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રાફિક શાખાની આ કામગીરીને લઈને ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરનારા વાહન ચાલકોમાં નાશ ભાગ થઈ હતી

# આઈટીઆઈ કેમ્પસમાં જીવજંતુનો ઉપદ્રવ, આજુબાજુના રહેવાસીઓ પરેશાન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એસટી બસ સ્ટેન્ડ સામે આવેલા આઇટીઆઇ કેમ્પસમાં ઝાડી-ઝાંખરા અને સફાઇના અભાવે સર્પ, મચ્છર સહિત અન્ય જીવજંતુના ઉપદ્રવના કારણે આજુબાજુમા રહેતા રહેવાસીઓ પરેશાન થઇ ગયા છે. આ બાબતે સંસ્થાના વડાને અનેક વખત રજૂઆત કરવા છતાં કોઇ પગલાં લેવામાં ન આવ્યાનો આક્ષેપ પણ કરાયો છે.જામનગરમાં એસટી બસ સ્ટેન્ડ સામે આવેલા આઇટીઆઇની આજુબાજુ રહેણાંક વિસ્તાર અને સોસાયટી આવેલા છે. પરંતુ આઇટીઆઇ કેમ્પસમાં વૃક્ષોનું સમયસર ટ્રીમીંગ, સફાઇ કરવામાં ન આવતા ઝાડી-ઝાંખરાનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. આથી સર્પ, મચ્છરોના ત્રાસથી સોસાયટીના રહેવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આ બાબતે શ્રીજી સોસાયટીના લોકોએ અનેક વખત રજૂઆત કરી છે. આમ છતાં કોઇ ઉકેલ ન અવતા લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઇ છે. કારણ કે, તંત્ર દ્વારા કોઇ પગલા લેવામાં આવતા નથી.

# ટંકારા:રૂપિયાની લેતી-દેતી મામલે યુવક ઉપર બે ભાઈઓએ છરી વડે હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારામાં રહેતો યુવક કે જે મોરબીમાં રહેતા બે સગા ભાઈ પૈકી એક પાસે રૂપિયા માંગતો હોય અને બીજા ભાઈને રૂપિયા આપવાના હોય જે મામલે મોરબીના બે સગા ભાઈઓ ટંકારા ખાતે જઈ યુવક પાસે પોતાના રૂપિયાની ઉઘરાણી કરી યુવક ઉપર છરી તથા ધોકા વડે હુમલો કર્યો હતો. અને યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી બંને ભાઈઓ સ્થળ ઉપરથી નાસી ગયા હતા. બનાવ મામલે ભોગ બનનાર યુવક દ્વારા ટંકારા પોલીસ મથકમાં બંને સગા ભાઈઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ટંકારાની ખીજડીયા ચોકડી પાસે રહેતા રફીકભાઈ આદમભાઈ માડકીયા ઉવ-૩૮ એ ટંકારા પોલીસ મથકમાં મોરબી રહેતા આરોપી શાહરૂખ આરીફભાઈ પરમાર તથા ઇરફાન આરીફભાઈ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ફરિયાદી રફીકભાઈએ આરોપી આરીફભાઈના ભાઈની ગાડીના ત્રણ હપ્તા રૂપિયા ૪૬,૫૦૦/- ભર્યા હોય જયારે આરોપીએ અગાઉ રફીકભાઈને હાથ ઉછીના ૫૦ હજાર આપ્યા હોય જેથી આરોપી આરીફભાઈ અને તેનો ભાઈ ઈરફાન પોતે આપેલ હાથ ઉછીના રૂપિયા લેવા ટંકારા જઇ રફીકભાઈ પાસે રૂપિયાની માંગણી કરી હતી જેથી રફીકભાઈએ કહેલ કે તેના ભાઈ પાસે હું ગાડીના હપ્તા પેટે મંગુ છું તે લઈ લેજો જે આરોપીઓને સારું નહીં લાગતા આરોપી આરીફ અને ઈરફાને છરી અને ધોકાથી રફીકભાઈ ઉપર હુમલો કર્યો હતો. જે હુમલામાં રફીકભાઈને છરીના બે ઘા મારી લાકડાના ધોકાથી હાથમાં ફ્રેકચર જેવી ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં સઘન સફાઈ પ્રશ્ને મેયર દ્વારા અધિકારીઓ સાથે મીટીંગ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સઘન સફાઈ થાય તે હેતુથી મેયર દ્વારા બેઠક બોલાવાઈ હતી જેમાં સબંધિત વિભાગના અધિકારીઓ, અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.શહેરમાં સફાઈ બાબતે મેયર વિનોદભાઈ ખીમસૂર્યાના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નિર્ણય લેવાયા મુજબ તમામ કાયમી સફાઈ કામદારોને યુનિફોર્મ આપવામાં આવ્યો છે.તેમની તાત્કાલિક અમલવારી કરવી, બંધ કચરાના પોઈન્ટ ફરી વખત શરૂ ન થાય તેની તકેદારી રાખવી, બાકીના જે કચરાના પોઈન્ટ બંધ કરવાના છે તેની અમલવારી, ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરી નિયમિત થાય તેની તકેદારી રાખવા, સફાઈ કામદારો સમયસર ઉપસ્થિત રહે તેની તકેદારી રાખવા, પાણીના ખાડા ભરેલ હોય ત્યાં દવા છંટકાવ કરવો, જાહેરમાં ન્યુસન્સ ફેલાવનારા દુકાનદારોને નોટીસો પાઠવી દંડાત્મક કાર્યવાહી કરવી. આગામી શ્રાવણિયા તહેવારોને અનુલક્ષીને ધાર્મિક સ્થળો, શાળા, આંગણવાડી આજુબાજુના વિસ્તારોમાં સફાઈ કરાવવવી, તમામ વોર્ડમાં ઝોનલ, એસઆઈ એસએસએ સફાઈ કામગીરી વ્યવસ્થિત થાય તેની ચકાસણી કરવી, સફાઈ માટે રાઉન્ડ લઈ ફિલ્ડમાં હાજર રહેવું.આ બેઠકમાં ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. ચેરમેન નિલેષ કગથરા, શાસક પક્ષના નેતા આશિષ જોષી અને દંડક કેતન નાખવા, સેનીટેશન કમિટીના અધ્યક્ષા જસુબા ઝાલા, ડીએમસી ડી.એ. ઝાલા, સો.વેસ્ટ શાખાના કંટ્રોલીંગ અધિકારી મુકેશ વરણવા, ડે. એન્જિ. કેતન કટેશીયા, ઝોનલ ઓફિસર, એસઆઈ, એસએસઆઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.



# રાજુલાથી ચાંચબંદર ગામની એસટી બસ શરૂ કરવા પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર દ્વારા રજૂઆત કરાઈ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના દરીયા કાંઠે આવેલ ચાંચબંદર ગામના રૂટની એસ.ટી બસ શરૂ કરવા માટે પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઇ ડેર દ્વારા રાજુલા ડેપો મેનેજર પત્ર મારફતે રજૂઆત કરવામા આવી છે. જેમા જણાવેલ કે, રાજુલા ડેપોની રાજુલા-ચાંચબંદર બસ સવારે અને સાંજના સમયે ચાલુ હતી. અને તેમાં ટ્રાફિક પણ ખુબજ સારા પ્રમાણમાં થતી હોવા છતાં અને આ બસનો લાભ સૌથી વધારે વિદ્યાર્થીઓ લેતા હોવા છતાં કોઇ કારણોસર થોડો સમય ચલાવી બસને બંધ કરી દીધેલ છે. આ ચાંચબંદર રૂટની બસ બંધ હોવાને લીધે સવારના સમયે ખાસ તો વિદ્યાર્થીઓ અને રાજુલા કામપર આવતા લોકોને ખુબજ મુશ્કેલી પડે છે. જેમાં ચાંચ, ખેરા, પટવા, સમોઢિયાળા, દાતરડી, વિસળીયા, કથીવદર, વિક્ટર, પીપાવાવ-ધામ, જોલાપુર, નિંગાળા અને કડીયાળીના વિદ્યાર્થીઓ સહિત લોકોને ખુબજ હાલાકીનો સામનો કરવો પડે છે કારણકે આ રૂટ ઉપર એક્સપ્રેસ બસો તો ઘણી ચાલે છે. પરંતુ લોકલ બસો બહુ ઓછી ચાલતી હોવાથી લોકોને હાડમારીનો સામનો કરવો પડે છે. ત્યારે હવે રાજુલા-ચાંચ બંદર રૂટ ઉપર ફરીથી આ બસ ચાલુ કરવામાં આવે તો લોકોને અને વિદ્યાર્થીઓને પણ ફાયદો થાય અને એસ.ટી વિભાગને પણ સારા ટ્રાફિકને લીધે સારી આવક થાય તેમ હોય જેથી આ બસ શરૂ કરવા રજૂઆત કરાઇ હતી



# હળવદના વાચારી તલાવડી નજીક રહેણાંકમાંથી ૪ કિલોથી વધુ ગાંજા સાથે એકને દબોચી લેતી એસઓજી

**મુખ્ય સમાચાર, હળવદ**

મોરબી એસઓજી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે હળવદ મોરબી રોડ ઉપર વાચારી તલાવડી સામે રહેણાંકમાં દરોડો પાડી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના ૪ કિલો ૪૯૦ ગ્રામના જથ્થા સાથે ૭૦ વર્ષીય વૃદ્ધની અટકાયત કરી તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોતબી એસઓજી ટીમને બાતમી મળી કે હળવદ મોરબી રોડ ઉપર ધ્રાંગધ્રા કેનાલ વાચારી તલાવડી પાસે રહેતા પ્રદીપભાઈ ઉર્ફે પ્રધુમન ઉર્ફે પદુબાપુ પોતાના રહેણાંકમાં વેચાણ કરવાના ઇરાદે ગાંજાનો જથ્થો રાખ્યો હોવાની ચોક્કસ બાતમીને આધારે મળેલ બાતમીના સ્થળે રેઇડ કરતા એસઓજી પોલીસને ઘરમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો ૪કિલો ૪૯૦ગ્રામનો કુલ જથ્થો મળી આવ્યો હતો. આ સાથે આરોપી પ્રદિપભાઇ ઉર્ફે પ્રધ્યુમન ઉર્ફે પદુબાપુ ઇશ્વરદાસ વૈષ્ણવ ઉવ.૭૦ હાલરહે.હળવદ મોરબી રોડ, ધ્રાંગધ્રા કેનાલ પાસે વાચારી તલાવડી સામે મૂળરહે.વાણીયાવાડ મેઇન બજાર હળવદવાળાને ઝડપી લઈ આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી આગળની તપાસ ચલાવી છે.

# છાશવારે કૌભાંડ આચરતા ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોને તંત્ર દ્વારા છાવરવામાં આવી રહ્યા હોવાનો આપનો આક્ષેપ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા અનેક મોટા કૌભાંડ આચરવામાં આવી રહ્યા છે. આ બાબતે આજે રાજકોટ આમ આદમી દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરવા કચેરીએ કાર્યકરો પહોંચ્યા હતા. પરંતુ પોલીસ કમિશનર કચેરીમાં તેઓને પ્રવેશ નહીં અપાતા તેઓએ જિલ્લા પંચાયત ચોકમાં ભાજપ વિરુધ્ધ પ્રદર્શન કર્યું હતું. આમ આદમી પાર્ટીએ જણાવ્યું હતું કે ભાજપના હોદ્દેદારો, પદાધિકારીઓ તેમજ કાર્યકરો અવારનવાર જુદા-જુદા કૌભાંડો કર્તા રહે છે. તેમ છતાં તેઓને તંત્ર દ્વારા છાવરવામાં આવી રહ્યા છે. બીજી તરફ આમ આદમી પાર્ટી દ્વારા લોકોની જીવન જરૂરિયાત તેમજ પ્રાણ પ્રશ્નો અંગે જો ધરણા કે રેલી યોજવામાં આવે તો તેઓની અટકાયત કરી લેવામાં આવે છે. આ અંગે આપ દ્વારા આજે ભાજપ વિરુધ્ધ જુદા-જુદા બેનરો પ્રદર્શિત કરી વિરોધ કરાયો હતો.

# વાલ્મીકી સંકલન સમિતિ દ્વારા સફાઈ કામદારોના પ્રશ્ને મહાપાલિકા કમિશનરને કરાઈ રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં કામ કરતા સફાઈ કામદારોના વિવિધ પ્રશ્ને આજે રાજકોટ વાલ્મીકી સંકલન સમિતિ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતુંકે, ગત તા.૨ માર્ચના જનરલ બોર્ડમાં ૪૪૧ સફાઈ કામદારોની ભરતી માટે ઠરાવ થયો હતો. પરંતુ આ માટે હજુ સુધી કોઈ જવાબ તંત્ર દ્વારા અપાયો નથી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

વધુમાં સફાઈ કામદાર સ્વૈચ્છિક રાજીનામા માટે માંગવામાં આવતા મેડિકલ સર્ટિફિકેટમાં રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી બદલાય કે સિવિલ હોસ્પિટલના અધિકારી કે ડોક્ટર બદલાય તેમ તેના અર્થઘટનો પણ બદલાય છે. જેનો ભોગ સફાઈ કામદારોએ બનવું પડતું હોય સ્વૈચ્છિક રાજીનામામાં મેડિકલ સર્ટિફિકેટ કે એવી કોઈપણ પ્રથા કાઢી નાખીને સીધા જ રાજીનામા મંજૂર કરવા. રાજીનામાની અરજી આપ્યા બાદ ત્રણ મહિનામાં જ તેનો નિકાલ કરવો. તેમજ સરભંગનગર પ્લોટ નં.૬૨૬ના રહેવાસીઓ માટે વૈકલ્પિક જગ્યા આપવા પણ સહમતી થયેલ છે. આ તમામ પ્રશ્ને તાત્કાલીક નિર્ણય લેવામાં આવે એવી માંગ રાજકોટ વાલ્મીકી સંકલન સમિતિએ કરી હતી.

## જસદણ જીઆઈડીસી એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડનો આજે જન્મદિન

**મુખ્ય સમાચાર, બીજલ ભેંશજાળીયા**



**જસદણ:** પાંચમા પૂછાતાં અને પારકી છઠ્ઠીના જાગતલ એવાં જસદણ જીઆઈડીસી એસોસિએશન અને જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડ (મો.૯૬૦૧૫૧૧૧૧૧) નો તા. ૩૧ જુલાઈ બુધવારના રોજ જન્મદિન છે વિજયભાઈ બુધવારે પોતાની જીવનયાત્રાના ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતાં તેમનાં બહોળા મિત્રવર્તુળ, સગાસ્નેહીજનો પરિવારમાં ખુશાલી વ્યાપી છે. ભૂતકાળમાં જસદણ શહેર યુવા ભાજપના પ્રમુખ તરીકેની કામગીરીમાં જોટો જડવો મુશ્કેલ છે ખાસ કરીને લોકડાઉન અને વાર તહેવારોમાં જરૂરીયાતમંદો,ગરીબ લોકોને આર્થિક મેડીકલ હેલ્પ કરી પણ આ બાબતે જાહેરમાં કોઈ ઢોલ પીટયો નથી અને દેખાડો કર્યો નથી આવું તો એમની પેઢીએ અને એમણે અનેક કિસ્સાઓમાં ઘણું કર્યું છે પણ એ બધું દેખાડવાનું ન હોય એવું દ્રઢપણે માનનારા વિજયભાઈ અનેક લોકો માટે અડધી રાતના હોંકારા સમાન છે ભલે એમને નોબલ પીસ પ્રાઈઝ ના મળ્યું હોય પણ એમને ગરીબ લોકો માટે એવાં કામ કર્યા છે જે હિમાલય પણ ટુંકો પડે રાજયના અનેક મહાનુભવોની ગુડબુકમાં રહેતા અને ભારતીય જનતા પાર્ટી માટે ખરાં દિલથી કામ કરનારા વિજયભાઈને તેમનાં જન્મદિને રાજય અને સૌરાષ્ટ્રની ધાર્મિક, રાજકીય, વેપાર,ઉદ્યોગ, સેવાકીય, સામાજિક, વૈદકીય, સરકારી, સહકારી, શૈક્ષણિક જેવી સંસ્થાઓના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, અને કર્મચારીઓ દ્વારા વિવિધ માધ્યમો પર આગોતરી મુશળધાર શુભેચ્છાઓ વરસી રહી છે. વિજયભાઈ રાઠોડ મો.૯૬૦૧૫૧૧૧૧૧

## રાજકોટ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ દ્વારા વિશ્વ હિપેટાઈટીસ દિવસ નિમિત્તે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ ડિવિઝન દ્વારા તાજેતરમાં ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, રાજકોટ ખાતે 'વિશ્વ હેપેટાઇટિસ ડે' નિમિત્તે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય તબીબી અધિક્ષક ડો.રાજ કુમારે રેલ્વે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને હેપેટાઈટીસ વિશે મહત્વની માહિતી આપી હતી. વાઈરલ હેપેટાઈટીસના પ્રકારો, કારણો, ચિહ્નો અને તેના ઉપાયો અને નિવારણ તેમજ તેને લગતી સમાજમાં રહેલી ગેરમાન્યતાઓ સમજાવ્યા બાદ ડો.રાજ કુમારે જણાવ્યું હતું કે સારવાર મહત્વપૂર્ણ છે અને નિવારણ માટે રસીકરણ કરવું જ જોઈએ. આ કાર્યક્રમમાં ૭૫ જેટલા લોકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો.અરુણ, ડો. પ્રણવ અને રેલ્વેના અન્ય તમામ ડોકટરો હાજર રહ્યા હતા અને હોસ્પિટલના વોર્ડ ઈન્ચાર્જ, નર્સો, ફાર્માસિસ્ટ અને તમામ પેરામેડિકલ સ્ટાફ અને તેમના પરિવારજનોએ માહિતી મેળવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન મુખ્ય નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી અવની ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર બોલેરોએ બાઈકને ઠોકરે ચડાવતા દંપતિનું મોત

**મુખ્ય સમાચાર, વઢવાણ**

અમદાવાદ રાજકોટ નેશનલ હાઈ-વે પર જનસાળી પાસે બાઈક અને બોલેરો કાર વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યકિતનાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં અકસ્માત વહેલી વહેલી સવારનાં સમયે સર્જાયો હતો.

જનશાળી ગામનાં પાટિયા પાસે પુરપાટ ઝડપે જઈ રહેલ બોલરો કારનાં ચાલકે બાઈક ચાલકને હાઈવે ઓળંગતા પતિ પત્ની દંપતીને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો.

અમદાવાદ જિલ્લાનાં હડાળા ગામનાં વતની રાઠોડ મોબુંભાઈ કેહુભાઈ અને તેમના ધર્મપત્નીન કમુબેન રાઠોડનાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માત સર્જીને બોલરો કાર ચાલક ગાડીને થોડે આગળ મુકીને નાશી છૂટયો હતો.

પાણશીણા ૧૦૮ને જાણ થતાં પાણશીણા ૧૦૮ ઘટના સ્થળે પહોંચી બંને પતિ પત્નીની ડેડ બોડીને પીએમ.અર્થે લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. અકસ્માતની જાણ થતા બગોદરા તથા પાણશીણા પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી આ ગોઝારા અકસ્માતની ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

# મકાન વેચી રૂા.૧૯.૨૫ લાખ લઈ લીધા બાદ દસ્તાવેજ નહીં કરી દેતા શખ્સ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાયાવદરમાં રહેતા મહાવીરસિંહ કેશુભા ચુડાસમાએ ભાયવદર પોલીસમાં સબીર નુરમામદ પટ્ટા સામે તેની સાથે ઠગાઈ થયાની ફરીયાદ નોંધાવી છે જેમાં ફરીયાદીના પત્નિ બીમાર રહેતા હોવાથી ગ્રાઉન્ડ ફલોર વાળું મકાન લેવાનું હોવાથી ગામમાં મકાનની શોધખોળ કરતાં હતાં. ત્યારે રામભાઈ ચાવડાએ કરાર કરેલ મકાન ઉપરોકત આરોપીનું વેચાણ કરવાની વાત કરેલ જેથી મારે મકાન લેવું છે. તેમ વાત કરતાં આરોપીએ કહ્યું કે તેના મકાન પર લોન છે અને રૂ.૨૩ લાખના વેચાણથી આપવાનું હોવાની વાત કરેલ જેથી મકાનનું સાટુ કરતાં આરોપીએ લોન ભરવા પૈસા

આપવા પડશે તેમ કહેતાં ગત.તા.૧૧/૧૨/૨૩ના રોકડ ૪.૨૫ લાખ તેમજ રૂ.૭.૫૦ લાખના બે ચેકો લખી રૂ.૧૯.૨૫ લાખનો વહીવટ કરેલ અને રૂ.૩.૭૫ લાખ મકાનનું ટાઈટલ કલીયર થયા બાદ વેચાણનો દસ્તાવેજ પાકો કરી આપવાની શરતે બાકી રાખેલ હતા. આમ કુલ રૂ.૨૩ લાખમાં મકાનનો સાટા ખત કરેલ હતો.બાદમાં મકાનનો કબજો સંભાળ્યો હતો ત્રણ વખત આરોપીને રૂબરૂ પણ મળેલ અને દસ્તાવેજ અંગે વાતચીત કરતાં બહાના બનાવી આરોપીએ દસ્તાવેજ ન કરી આપી રૂ.૧૯.૨૫ લાખની છેતરપીંડી કરી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની વિપ્ર પરિણીતાને બેંગ્લોરના સાસરિયાઓનો ત્રાસ

## નણંદ અને પતિ ઢીકાપાટુનો મારમારી કાઢી મુકાતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૈયાધાર શાંતિનગરમાં મોટી બહેનના ઘરે એક માસથી રહેતા સ્વાતિબેન જાનીએ બેંગ્લોર રહેતા પતિ દર્શન અરૂણકુમાર જાની, નણંદ ફાલ્ગુનીબેન અને મોરબી રહેતા નણંદ સંગીતાબેન જયંતકુમાર રાવલ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં શારીરિક માનસિક ત્રાસ આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે આ તેના પતિના બીજા લગ્ન છે પોતે ૨૧ મેં ૨૦૨૨ના રોજ લગ્ન કર્યા બાદ બેંગ્લોર રહેવા ગઈ હતી ત્યાં એક મહિનો સારી રીતે સંસાર ચાલ્યા બાદ નણંદ ઘરકામ અને રસોઈ બાબતે ત્રાસ આપતા મોટા નણંદ સંગીતાબેન દોઢેક મહિનો રોકાવવા આવ્યા ત્યારે તને કઈ શીખવાડયું નથી, ઘરે કોઈ આવે તો કેવું વર્તન કરવું તેની તને ખબર પડતી નથી, તને કામવાળી જેમ જ રાખવાની છે કહી ત્રાસ આપતા મારા બનેવીને ફોન કરી તેડી જવાનું કહેતા મને તેડી ગયા હતા બાદમાં પતિને બોલાવી સમાધાન થયું હતું ફરી ત્રાસ આપતા હોય મારા ભાઈને ફોન કરવાનું કહેતા નણંદે તમાચા માર્યા હતા અને પતિએ ઢીકાપાટુનો માર માર્યો હતો મારા ભીના ગોંડલ લગ્ન હોય અમે જે વહેવાર કરાવી તેનું દોઢું લઈને આવજે તેમ કહી ત્રાસ આપ્યો હતો ગાળો દઈ માર મારતા હોય ભાભીને ડીલીવરી આવે તેમ હોય ત્યાં ગઈ હતી બાદમાં પતિએ તુ આવતી નહિ, તારી જરૂર નથી તેવું કહી દેતા ફરિયાદ નોંધાવી હતી.

# વેપારી સાથે દોઢ કરોડની ઠગાઈ કરનાર આરોપીના જામીન મંજુર

## છેતરપિંડીના કેસમાં પોલીસની રિમાન્ડ અરજી રદ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વેપારી સાથે દોઢ કરોડની ઠગાઈ કરવાના ગુનામાં ઝડપાયેલા આરોપીને રીમાન્ડ પર લેવાની પોલીસની અરજી નામંજૂર કરતી અદાલતે આરોપીની શરતોને આધીન જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા ફરીયાદી તુષારભાઈ મનહરભાઈ ઈલાણીએ મુંબઈ સ્થિત આરોપી રમાકાન્ત ચંદ્રકાન્ત પારેકરની અલગ અલગ બે કંપનીઓમાં બેન્ક ખાતામાં અલગ અલગ સમયે ડોમેસ્ટીક તેમજ ઈન્ટરનેશનલ ઓર્ડર માટે ખાંડનો જથ્થો પુરો પાડવા ઓર્ડર પેટે આરટીજીએસથી રૂ. ૧,૩૮, ૩૫,૬૫૭ તેમજ ખાંડનો જથ્થો પૂરો નહીં પાડતા દુબઈ મોકલવા સારૂ ફરીયાદીએ કન્ટેનર બુક કરાવેલ જે કેન્સલ થતાં ચાર્જ પેટે રૂ.૧૩,૩૬,૯૩૪ ભરેલ જે નુકસાની આવી હતી. આમ, ફરીયાદીની કાયદેસરની લેણી રકમ તથા નુકસાની પેટેની રકમ મળી રૂ૧,૫૧,૭૨, ૫૯૧ પરત નહીં કરી માલ નહીં મોકલાવી છેતરપીંડી કરતાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી ૩ દિવસના રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં આરોપીના બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલો અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ પોલીસની રીમાન્ડ અરજી નામંજૂર કરી રૂા.૫૦,૦૦૦ જામીન તેમજ રૂ. ૧૦,૦૦૦ના જાતમુચકા પર જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અમિત એન. જનાણી, સંદિપ સતાણી અને એકતા પટેલ રોકાયા હતા.

# જુના ઝઘડાનો ખાર રાખી નેપાળી યુવાન પર પાંચ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર હોટલમાં કામ કરતા નેપાળી યુવાન પર પાંચ શખ્સોએ છરી વડે હુમલો કરતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. જૂના ઝઘડાનો ખાર રાખી યુવાન સવારે હોટલે સુતો હતો ત્યારે જ આરોપીઓ તૂટી પડયા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર તાલુકા પોલીસ સ્ટેશન સામે આવેલી શેરબહાદુર સાઉદ (ઉ.વ.૨૦)નામનો નેપાળી યુવાન આજે સવારે સાડા આઠેક વાગ્યાના અરસામાં હોટલે સુતો હતો. ત્યારે રાજન સાઉન, રાહુલ વિશ્વકમાં, સિન્ધુ અને બે અજાણ્યા શખ્સોએ છરી અને કોયતા વડે હુમલો કરતા તેને શરીરે અને હાથના ભાગે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતા

પોલીસે હોસ્પિટલે દોડી જઈ ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ગૌરવ ચાર મહિનાથી આ હોટલમાં નોકરી કરે છે. અગાઉ તેને આરોપીઓ સાથે ઝઘડો થયા બાદ સમાધાન થઈ ગયું હતુ. આમ છતા આજે તે હોટલે સુતો હતો. ત્યારે આરોપીઓએ ધસી આવી હમલો કર્યો હતો અને તેનો મોબાઇલ પણ લૂંટી ગયાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાવેરી પાર્કમાં માસુમ બાળકીના ગળામાં કાજુ ફસાઈ જતા મોત

## માસુમ પુત્રીનું મોત થતા કારખાનેદાર પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના બાળકોને ગમે તે વસ્તુ ખાવા આપતાં પહેલા વાલીઓએ ચેતવા જેવો કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. શહેરના મવડી વિસ્તારમાં આવેલા કાવેરી પાર્કમાં કારખાનેદારની એકની એક પોણા બે વર્ષની પુત્રીનું ગળામાં કાજુ ફસાઈ જતાં શ્વાસ રુંધાઈ જવાથી મોત નિપજ્યું હતું. આ બનાવથી પટેલ પરિવારમાં ભારે ગમગીની છવાઈ જવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ, મવડીમાં બાપા સિતારામ ચોક પાસે આદર્શ એવન્યુ પાછળ આવેલા કાવેરી પાર્ક શેરી નં.૧માં રહેતા નિલકંઠભાઈ ગઢીયાની એક વર્ષ અને સાત મહિનાની પુત્રી પૃથા આજે સવારે પોતાના ઘરે કાજુ ખાઈ રહી હતી ત્યારે તેણી કાજુ ગળી જતાં ગળામાં ફસાઈ ગયો હતો. જેથી પરિવારજનો દ્વારા તાત્કાલીક પુત્રીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબો દ્વારા સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ સારવાર કારગત ન નિવડતાં માસુમ પુત્રીનું મોત નિપજ્યું હતું. આ અંગે હોસ્પિટલ સ્ટાફ દ્વારા પોલીસને જાણ કરાતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક પૃથા એકની એક પુત્રી હોવાનું અને તેના પિતા કારખાનેદાર હોવાનું જાણવા મુળ્યું છે. આ બનાવથી એકની એક પુત્રીનું મોત નિપજતાં પટેલ પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# રાજકોટમાં આપત્તિઓ દરમિયાન રાહત-બચાવ કામગીરી કરવાની રીફ્રેશર તાલીમ લેતાં આપદા મિત્રો

## ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અને યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંયુક્ત ઉપક્રમે તાલીમ યોજાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચના મુજબ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા હેમુગઢવી હોલ ખાતે જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સહયોગથી પ્રદેશ કક્ષાની આપદા મિત્ર રીફ્રેશર તાલીમ - ૨૦૨૪ યોજાઈ હતી. જેમાં આપદા મિત્રોને વોટર રેસ્ક્યુ, ફાયર, કાર્ડિયો પલ્મોનરી રિસુસિટેશન અને બેઝિક ઓફ ફર્સ્ટ એઈડ એમ ચાર તબક્કામાં તાલીમ અપાઈ હતી.

આ કાર્યક્રમમાં પૂર, વાવાઝોડું, ભૂકંપ, આગ જેવી કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં રાહત, શોધ, બચાવ અને પ્રાથમિક સારવારની કામગીરી કેવી રીતે કરી શકાય, તે માટે આપદા મિત્રોને માર્ગદર્શન પૂરું પડાયું હતું. આપદા મિત્રોને આફત પૂર્વે, આફત દરમિયાન તથા આફત પછી શું કરવું અને શું ન કરવું તેની પ્રાથમિક સમજ અપાઈ હતી. તેમજ બચાવ કામગીરી માટે ઉપયોગી રબ્બર બોટ, હલેસા, આઉટ બોટ મોટર, લાઈફ જેકેટ, લાકડા કાપવા ચેઈન-શા, કૃત્રિમ ત્રાફા, ખાલી બેરલ સહિતના સાધનોનું ડેમોસ્ટ્રેશન કરાયું હતું.

આ તાલીમમાં એસ.ડી.આર.એફ. પોલીસ કોન્સ્ટેબલશ્રી આશિષભાઈ મહેતા, ઇન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરશ્રી હાર્દિક ગઢવી, રેડ ક્રોસ સોસાયટીના શ્રી બિપીનભાઈ લો સહિતના નિષ્ણાંતોએ તાલીમાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તાલીમમાં આશરે ૪૬૦ જેટલા આપદા મિત્રો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે અણધારી આફત વખતે સ્વેચ્છાએ સ્વયં સેવક બની સેવા કરવા માંગતા લોકોને આપદા મિત્રો કહેવામાં આવે છે.

આ તકે ડિઝાસ્ટર સેલ મામલતદારશ્રી હિમાંશુ ચૌહાણ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશ દિહોરા, ઘંટેશ્વર એસ.આર.પી. પી.એસ.આઇ.શ્રી બી. કે. રાઠવા, ડિઝાસ્ટર સેલ નાયબ મામલતદારશ્રી એ. ડી. મોરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આ વર્ષનો લોકમેળો વધુ સુરક્ષિત અને સગવડભર્યો બનાવવા વહીવટીતંત્રની ઝીણવટભરી જહેમત

## સ્ટોલના ભાવમાં વધારો નહીંઃ વીમાની રકમ-એમ્બ્યુલન્સફાયર ફાઈટર-સિકયોરિટી સ્ટાફમાં બમણો વધારોઃ ૧૧.30 વાગ્યે એન્ટ્રી બંધઃ સ્ટોલની સંખ્યામાં 30 ટકાનો ઘટાડો, સફાઇ કર્મચારીઓનું સન્માન, અવાજની માત્રા પર દેખરેખ, વાસી ખોરાકનો સ્થળ પર જ નાશઃ કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી લોકમેળા અમલીકરણ સમિતિની બેઠક

**મુખ્ય સમાચાર, રાજકોટ**




શહેરના રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમી તહેવાર નિમિત્તે આગામી તા.૨૪ થી તા.૨૮ ઓગસ્ટ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનાર લોકમેળાના આયોજન સંદર્ભે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં કલેક્ટરશ્રી પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે આ વર્ષનો મેળો વધુ સુરક્ષિત અને સગવડભર્યો બને તે માટે વહીવટીતંત્ર ઝીણવટપૂર્વકની જહેમત ઉઠાવી રહ્યું છે. આ વર્ષના મેળામાં સ્ટોલના ભાવમાં કોઇ પણ વધારો કરવામાં આવ્યો નથી. વીમાની રકમ ગયા વર્ષે પાંચ કરોડની હતી, જે આ વર્ષે વધારીને સાડા સાત કરોડની કરાઇ છે. ગત વર્ષની ૩ એમ્બ્યુલન્સ સામે આ વર્ષે પાંચ એમ્બ્યુલન્સ અને ગત વર્ષના ૩ ફાયર ફાઈટરને બદલે આ વર્ષે પાંચ ફાયર ફાઈટરની વ્યવસ્થા મેળા માટે કરાઇ છે. રોજના ૧00 સિક્યોરિટી સ્ટાફને બદલે આ મેળામાં રોજના ૧૨૫ સિક્યોરિટી સ્ટાફ તૈનાત રહેશે. લોકોની અવરજવરની સુગમતા માટે સ્ટોલ્સની સંખ્યામાં 30 ટકાનો ઘટાડો કરાયો છે. ૧૧.30 વાગ્યે લોકમેળાની એન્ટ્રી બંધ કરી દેવાશે. મેળાની સફાઇ કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. મેળામાં થતા અવાજની ડેસીબલની માત્રા પર ચાંપતી દેખરેખરાખવામાં આવશે. વાસી ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવશે.

સાંઢિયો પુલ બંધ હોવાથી ટ્રાફિક અને પાર્કીંગની વધુ સુગમ વ્યવસ્થા કરાશે. મેળાના પ્રત્યેક સરકારી સ્ટોલ્સના આંતરિક સંપર્ક માટે ઇન્ટરકોમ અને વોકીટોકીથી સજ્જ કરાશે.

આ ઉપરાંત, મેળાની કાયદો વ્યવસ્થા, સુરક્ષા, સીસીટીવી, સિક્યુરિટી તથા જાહેરાતોના બેનર્સ, ડ્રો તથા હરરાજી, ઈલેક્ટ્રીક લાઈટ તથા સાઉન્ડ, સાંસ્કૃતિક કાર્યક્રમમાં, સ્ટેજ બાંધકામ, મેળામાં સફાઈ, ભાવ પત્રક નિયમન સમિતિ, પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, કર સમિતિ તથા દબાણ સમિતિના કામોની સમીક્ષા કરાઈ હતી. ઉપરાંત યાંત્રિક રાઈડની ચકાસણી માટે પણ સમિતિની રચના કરાઈ છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ચેતન ગાંધી, ડિ.સી.પી. શ્રી બંગારવા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. સિંઘ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વાંગવાણી, મામલતદારશ્રી પાવરા સહિત અમલીકરણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં સિનિયર ધારાશાસ્ત્રી સહિત ચાર વ્યક્તિઓના હૃદય ધબકારા ચુકી ગયા

## વકીલ, યુવાન, વૃદ્ધાશ્રમના વૃદ્ધ અને આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતા કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જાણીતા કક્લેઈમ પ્રેક્ટિસનલ એડવોકેટ એન.આર.શાહ સહિત ત્રણ વ્યક્તિના હૃદયરોગના હુમલાથી મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.શહેરમાં કાલાવડ રોડ ઉપર નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ પાસે બાલમુકુંદ પ્લોટમાં રહેતા અને છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા એડવોકેટ નવીનભાઈ રતિલાલભાઈ શાહનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હતું. સિનિયર ધરાશાસ્ત્રીના મોતથી પરિવાર અને વકીલ આલમમાં શોકની લાગણી પ્રસરી છે.



બીજા બનાવવામાં રૈયાધાર વિસ્તારમાં આવેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતા પરાગ વિનુભાઈ કતીરા નામનો ૪૩ વર્ષનો યુવાન રાત્રીના દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે યુવકનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં એક દીકરો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગોંડલ રોડ ઉપર આવેલા સદભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા કેશવજીભાઈ દામજીભાઈ ઠક્કર નામના ૮૬ વર્ષના વૃદ્ધ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં વૃદ્ધાશ્રમમાં હતા ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવતા મોત નીપજ્યું હતું. ચૌથા બનાવમાં મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ શાપર વેરાવળમાં રહી મજૂરી કામ કરતા સીતારામભાઈ રામકિશોરભાઈ આદિવાસી નામના ૪૮ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે અચાનક હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયા હતા. આધેડને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક આપેડ ત્રણ ભાઈ એક બહેનમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના ચકચારી હત્યા તથા હત્યાની કોશીશના ગુન્હામાં હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભા ઝાલા (શનાળા)ના જામીન મંજુર કરતી ગુજરાત હાઈકોર્ટ

## ખુન કેસમાં જામીન ન મળતા હીતેન્દ્રસિંહ પેરોલ પર છૂટી જંપ કરી ગયા બાદ યુવાન પર ફાયરીંગ કર્યુ હતું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના કાલીકા પ્લોટમાં રહેતા આરીફ ગુલમામદ ધોળા (મીર) ધ્વારા એ મતલબની ફરીયાદ આપવામાં આવેલ કે તેઓના ભાઈ મુસ્તાક મીરનું ખુન હિતેન્દ્રસિંહ કરણસિંહ ઝાલા તથા મુળરાજસિંહ અજીતસિંહ જાડેજા અને બીજા ઈસમોએ કરેલ હોય અને જે અંગે આરીફભાઈએ ફરીયાદ કરેલ હોય અને આરોપી હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભાને હાઈકોર્ટ માંથી જામીન મળતા ન હોય જેનો ખાર રાખી હિતેન્દ્રસિંહ પેરોલ પર છુટયા હોય અને પેરોલ જંપ કરી જેલમાં પરત હાજર ન થઈ ગુન્હાહીત કાવતરું રચી તેઓને મારી નાંખવાના ઈરાદે પીસ્તોલ જેવા હથીયારો ધારણ કરી ફરીયાદી ઉપર આડેધડ ફાયરીંગ કરતા ફરીયાદીને ડાબા પડખામાં તથા ડાબા હાથમાં ગોળી લાગેલ તથા અન્ય સાહેદ ઈમરાન સતારભાઈ સુમરાને તથા સીરાજભાઈ સંધી અને વસીમભાઈ ઘાંચીની બંને દીકરીઓને પણ ગોળી લાગેલ તેમજ



વિશાલભાઈ લક્ષ્મણભાઈ કોળીને માથામાં ગોળી વાગતા તેનું મૃત્યુ થયેલ અને અન્ય સાહેદોને અલગ અલગ જગ્યાએ ગોળીઓ લાગતા ઈજાઓ થયેલી હતી. ત્યારબાદ તેઓને સૌપ્રથમ મોરબી હોસ્પીટલ તથા રાજકોટ હોસ્પીટલ અને અમદાવાદ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ અને આ અંગે મોરબી સીટી એ-ડિવીઝન પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી હિતેન્દ્રસિંહ કરણસિંહ ઝાલા તથા મુળરાજસિંહ અજીતસિંહ જાડેજા, વિજયસિંહ ઉર્ફે કડી ચુડાસમા તથા બે ડબલ સવારી પલ્સરમાં આવેલ અજાણ્યા ચાર માણસો વિરૂધ્ધ ફરીયાદ નોંધેલ હતી.

આ ગુન્હામાં મોરબી સીટી એ-ડિવીઝન પોલીસ ધ્વારા (૧) સુરેશસિંહ ઉર્ફે રાજવીર ઈન્દ્રદેવસિંહ ઠાકુર (૨) દિવિજયસિંહ છત્રસિંહ જાડેજા (૩) ભરત જીવાભાઈ સોઢીયા (૪) સુરેન્દ્રસિંહ ઉર્ફે કાનો કરણસિંહ જાડેજા (૫) જયસુખ ઉર્ફે જસો રજનીકાંતભાઈ મીયાત્રા (૬) યોગીરાજસિંહ ઉર્ફે યોગો બહાદુરસિંહ જાડેજા (૭) મુળરાજસિંહ અજીતસિંહ જાડેજા (૮) ઋષીભાઈ દેવીપ્રસાદ મહેતા (૯) વિજયસિંહ ઉર્ફે કડી હરીસિંહ ચુડાસમા (૧૦) મીથીલેશ ઉર્ફે અજય રામજીભાઈ પાઠક (૧૧) હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભા કરણસિંહ ઝાલા વિગેરેની ધરપકડ કરવામાં આવેલી હતી.

ત્યારબાદ આ કામમાં મોરબી સીટી એ-ડિવીઝન પોલીસ સ્ટેશન ધ્વારા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતું. ચાર્જશીટ રજુ થયા બાદ ઉપરોક્ત આરોપી હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભા કરણસિંહ ઝાલાએ નામદાર મોરબીસેશન્સ અદાલતમાં જામીન અરજી કરેલ હતી. જે નામદાર અદાલત ધ્વારા રદ કરવામાં આવેલી હતી ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરેલી હતી.

જે અરજીના અનુસંધાને નામદાર અદાલતમાં એવી રજુઆત કરેલ હતી કે આ ગુન્હામાં અરજદારને સાંકળતો કોઈ પુરાવો મળી આવતો નથી તેઓ ધ્વારા ફાયરીંગ કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો ચાર્જશીટ જોતા જણાય આવતો નથી તેમજ ફરીયાદી ધ્વારા અગાઉ જે ફરીયાદ કરવામાં આવેલ હતી તે ગુન્હામાં હાલના અરજદારને નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે ફરીયાદી પણ ગુન્હાહીત ઈતીહાસ ધરાવે છે અને તેઓ ઉપર પણ અનેક ગુન્હાઓ નોંધાયેલ છે ગુજસીટોક જેવા ગંભીર ગુન્હામાં હાલના ફરીયાદી ભાગેડુ છે. સમગ્ર ચાર્જશીટ જોતા આરોપીની કોઈ સક્રિય ભુમીકા જણાય આવતી નથી. તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ પેપર્સ જોવામાં આવે તો બનાવ સમયે તેઓ બનાવ સ્થળે નહી પરંતુ રાજસ્થાન મુકામે હતા અને જે અંગેના પેપર્સ પણ પોલીસ ધ્વારા કબ્જે કરવામાં આવેલ છે તેમજ આ કામમાં અન્ય આરોપીઓ કે જેના ધ્વારા ફાયરીંગ કરવામાં આવેલ તેઓને પણ નામદાર અદાલત ધ્વારા રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવેલ છે. તેમજ આરોપી તરફે રજુ થયેલ જુદા જુદા નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીને જામીન મુક્ત કરવાની અરજ કરેલ આમ ઉપરોકત દલીલો તથા અરજદાર તરફે રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી હીતેન્દ્રસિંહ ઉર્ફે હિતુભા કરણસિંહ ઝાલાને જામીન મુકત કરવાનો હુકમ કરેલ હતો.

આ કામમાં ગુજરાત હાઈકોર્ટમાં આશીષભાઈ ડગલી તથા મોરબીના પખર ધારાશાસ્ત્રી જીતુભા જાડેજા તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# બેરોજગાર મહિલાઓ સાથે પાર્લરના કલાસીસના નામે ઠગાઈ કરનાર ઝડપાયો

## લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર સુરેન્દ્રનગરનો ઠગ અમદાવાદના સરખેજ ખાતે રહેતો હોવાની માહિતીના આધારે પોલીસે દબોચી લીધો

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરમાં બેરોજગાર યુવતીઓ અને મહિલાઓને પાર્લરના કલાસીસના નામે સાથે જોડીને લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર અને ત્રણ પોલીસમથકમાં જેની સામે ગુન્હા નોંધાયા છે તેવા મૂળ સુરેન્દ્રનગરના ઠગને પોલીસે અમદાવાદના સરખેજ ખાતેથી પકડી પાડયો છે.

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન,કમલાબાગ



પોલીસ સ્ટેશન અને કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં છેતરપીડીંના ગુન્હાના આરોપી હિતેશ મખસુખભાઈ ચૌહાણ, ઉ.વ.૨૮ રહે. સુરેન્દ્રનગરવાળાને શોધી કાઢવા સુચના કરવામાં આવતા પોલીસને સંયુક્ત પોરબંદરમાં બ્યુટી પાર્લર કલાસીસના નામે છેતરપીંડી કરવાના ત્રણ ગુન્હા નોંધાયા છે તેવા મૂળ સુરેન્દ્રનગર હાલ અમદાવાદના સરખેજમાં ગાયત્રી નગરમાં રહેતા હિતેશ મનસુખ ચૌહાણને પોલીસે પકડી પાડયો તેની બાતમી રાહે હકીકત મળેલ કે ઉપરોકત ગુન્હાનો આરોપી અમદાવાદ સરખેજ ગામ ગાયત્રીનગર ખાતે રહેતો હોવાની હકીકતના આધારે આરોપીને ટેકનીકલ સોર્સ તથા હ્યુમનસોર્સ મદદથી શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. આ હિતેશ ચૌહાણ હાલમાં સરખેજ ખાતે રહેતો હતો અને પોરબંદરના છાયા વિસ્તારમાં તેમજ બોખીરાના રીલાયન્સ પેટ્રોલ પંપ વિસ્તારમાં અને શીતલાચોક નજીક અલગ અલગ સ્થળે મહિલાઓ અને યુવતીઓને પાર્લરના કલાસીસ અને સ્કીલ ઈન્ડીયા અંતર્ગત કોમ્પ્યુટર કલાસ શરૂ કરવાના નામે ૫ લાખ ૮૭ હજાર ૪૪૯ રૂપિયાની છેતરપીંડી કહી હોવાના ગુન્હા જુદા જુદા પોલીસમથકોમાં નોંધાયા હતા. તે અંતર્ગત પોલીસે આ શખ્શને પકડી પાડયા બાદ હવે તેની આકરી પૂછપરછ હાથ ધરી છે.

# ચોટીલામાં રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ રૂ. ૧.૯૫ લાખની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલામાં પોપટપરા વિસ્તારમાં બે દિવસ પૂર્વે બહારગામ ગયેલા શિક્ષકના રહેણાંક મકાનના તાળા તોડી અજાણ્યા ચોર ઇસમે મોટી રકમનાં દાગીના અને રોકડ રકમ ની ચોરી કરી ગયાનો ગુનો નોંધાવતાં તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ ચોટીલા તાલુકાનાં હિરાસર ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા પોપટપરા વિસ્તારમાં રહેતા થોભણભાઈ ઠાકરશીભાઈ ડેરવાડીયાનો પરિવાર તા. ૨૫ ના રોજ સામાજીક કામે સુરત ગયેલ હતો જેઓનું મકાનનાં તાળા તુટ્યાં હોવાની તા. ૨૮ ના પાડોશી દ્વારા ટેલીફોન થી જાણ થતા તેમના રાજકોટ રહેતા પુત્ર ને



જાણ કરતા તે ચોટીલા દોડી આવેલ હતો. જેણે મકાનને ખોલી જોતા દરવાજાનાં તાળા તોડી અજાણ્યા ચોર ઈસમોએ ઘરમાં પ્રવેશ કરી બે તિજોરીઓ તોડી સામાન વેરવિખેર કરી નાખેલ જોવા મળેલ અને સુરત ગયેલા પરિવારને ચોરી થયાનું જણાવેલ હતું. સુરતથી પરત આવી તપાસ કરતા બંન્ને તિજોરીમાં રાખેલ સોનાની વસ્તુ જોવા ન મળતા તસ્કરોએ તેમના ઘરમાંથી સોનાનો એક હાર ૪૦ ગ્રામ, બુટી નંગ-૫ ૨૦ ગ્રામ, મંગળસુત્ર ૩૫ ગ્રામ, પાટલા જોડી -૨ જે ૪૪ ગ્રામ, ચેઈન નંગ- 3 - 30 ગ્રામ, પેન્ડલ નં ૨ જે ૫ ગ્રામ, કડી જોડી-૧ જે ૫ ગ્રામ, વીટી નંગ-૫ જે ૨૦ ગ્રામ, દાણા નંગ-૪ જે ૪ ગ્રામ તથા ચાંદીના છડા જોડી ૫ તેમજ તેમના સાળીના તીજોરીમાં રાખેલ દાગીના સોનાનો હાર નંગ-૧ તથા સોનાની બુટી જોડી ૧ જે ૪૭ ગ્રામનુ તથા ચાંદીના છડા જોડી-૨ તથા રોકડા રૂપીયા ૨૫૦૦૦/- ની ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોપટપરા વિસ્તારમાં શિક્ષકના રહેણાંક મકાનને નિશાન બનાવી મોટી રકમનાં સોનાં ચાંદીનાં દાગીના તથા રોકડની ચોરી અંગે ફરિયાદ નોંધાતા ૨૫ તોલા જેટલા દાગીના સહિતની ચોરીની પોલીસે ફરિયાદ નોંધી કુલ રૂ. સોના ચાદીના ઘરેણા તથા ચેકડ રકમ મળી આશરે કુલ કિ.રૂ. ૧,૯૫,૦૦૦/- ની ચોરી અંગે તપાસ હાથ ધરેલ છે.

# આફ્રિકામાં માલ મોકલનાર રાજકોટની કંપનીના ગોડાઉનમાંથી વધુ કેફી દ્રવ્યોનો જથ્થો જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની કંપનીએ મોકલાવેલ કરોડની કિંમતનો કેફી દ્રવ્યનો જથ્થો પકડીને મોટી સફળતા મેળવ્યાના બીજા દિવસે કસ્ટમ તંત્રે તો તપાસનો દોર આગળ વધાર્યો જ છે સાથે અન્ય કેન્દ્રીય એજન્સીઓએ પણ પોતાની રીતે શોધ શરૂકરી દીધી છે. આ સંબંધે મુંદરા કસ્ટમની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચ (એસએસઆઇબી) શાખાએ રાજકોટ, અમદાવાદ, ગાંધીનગરમાં સર્ચ કાર્યવાહી આરંભી છે, જેમાં એક ગોડાઉનમાં વધુ કેટલોક જથ્થો ઝડપાયાનું અને કેટલાક ઇસમોની અટક પણ હાથ ધરાઈ હોવાની વિગતો બહાર આવી છે. જો કે હજુ સત્તાવાર જાહેરાત થઇ નથી. મુંદરા જોડવા પાણીની તક પાણી અપાયા કેટલીક ચોંકાવનારી વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રતિબંધિત ટ્રામાડોલના આ મિશ્રિત જથ્થાના મામલામાં રાજકોટ સ્થિત નિકાસકાર 'રેઇન ફાર્મા ઈમ્પેક્સ' છે. બીજું, ટ્રામાડોલ ટેબ્લેટજરૂરિયાત કરતાં વધુ માત્રામાં નિકાસ કરવા માટે લાયસન્સ અને એન્ટિ ડ્રગ તથા સરકારની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત છે, પરંતુ આ મામલામાં પાર્ટીએ એક સ્થાનિક કસ્ટમ બ્રોકર દ્વારા જથ્થો નિકાસ કરવા માટે મોકલ્યો હતો.

છેલ્લા એક વર્ષથી આ નિકાસકારનો નિયમિત જથ્થો નિકાસ થયો છે અને દર વખતે જથ્થો એક ચોક્કસ ટ્રાન્સપોર્ટરની ગાડીમાં જ કન્ટેનરમાંથી જ કન્ટેનરમાં ભરીને નિયમિત મુંદરા પોર્ટ પર આવ્યો અને નિકાસ થયો છે. અત્યાર સુધી અંદાજિત ૫૦થી વધુ કન્ટેનર નિકાસ થઈ ચૂક્યાં હોવાનો અને તેમાં પણ આ જ જથ્થો હોવાનો દાવો આ સૂત્રો વ્યક્ત કરે છે. સમગ્ર પ્રકરણમાં કોઈ મોટું રાજકીય માથું સંડોવાયેલું હોવાનો વધુમાં દાવો કરીને સૂત્રો ઉમેરે છે કે તપાસ યોગ્ય રીતે થાય તો વધુ કરોડોનો મામલો બહાર આવે એમ છે. વિગત મુજબ આ અગાઉ જથ્થો કન્ટેનરમાં ભરી અહીંના સૌરાષ્ટ્ર સી.એફ.એસ. ખાતે લાવવામાં આવ્યો પણ ત્યાં પ્રિવેન્ટિવ વિભાગમાં ફરજ બજાવતા એક ઓફિસરને શંકા જતાં જથ્થો ચકાસ્યો હતો, ત્યાંથી પછી કેસ એસએસઆઈબીને સોંપાયો હતો.બે અલગ-અલગ શિપિંગ બિલ દ્વારા એક ૨૦ ફૂટ અને અન્ય ૪૦ ફૂટના કન્ટેનરમાં જાહેર માલ 'ડાયક્લોફેનેક સોડિયમ' ટેબ્લેટની આડમાં આગળ ભાગે થોડા કાર્ટૂનમાં ડિક્લેર ટેબ્લેટ મૂકી પાછળ પ્રતિબંધિત ટ્રામાડોલ- ૨૨૫ એમજીની ડ્રગ્સમિશ્રિત ટેબ્લેટ મળી આવી હતી. ઉપરાંત, દાવા મુજબ આ જથ્થો રાજકોટસ્થિત નિકાસકારે રાજકોટની જગ્યાએ અમદાવાદના છત્રાલ વિસ્તારના એક ગોડાઉનમાંથી મળ્યો હોવાનું જાણવા મળ્યું છે અને આયાતકારના રાજકોટસ્થિત ગોડાઉનમાંથી કાંઇ મળ્યું ન હતું. આ ટેબ્લેટ ફક્ત મેન્યુફેકચરર જ નિકાસ કરી શકે છે.

# ખેતીની જમીન પ્રશ્ને બે પરિવારો વચ્ચે મારામારીઃ બે મહિલા સહિત ચારને ઈજા

## તળાજાના મોટાધાણા ગામનો બનાવઃ પોલીસે ફરિયાદ નહીં નોંધતા બનાવ બન્યાનો પરિવારજનોનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જિલ્લાના તળાજાના મોટાધાણા ગામે ખેતીની જમીન ધરાવતા અને હાલ સુરત મુંબઈ સ્થાઈ થયેલા બે પરિવાર ના મહિલા પુરુષ સભ્યો વચ્ચે આજે ખેતીની જમીન મામલે તીક્ષ્ણ અને બોથડ હથિયારો ધારણ કરી ધીંગાણું ખેલ્યું હતું.જેમાં બંને પક્ષે મળી ને ત્રણ મહિલા ચાર પુરુષ મળી સાત વ્યક્તિ ઘાયલ થયા હતા.એકપક્ષના ચારેય ઈજાગ્રસ્ત ને વધુ ઈજાઓ હોય તળાજા થી ભાવનગર રીફર કર્યા હતા.

આ અંગેની માહિતી મુજબ ખેતી



ની જમીન ધરાવતા બે પરિવાર વચ્ચે જમીન ને લઈ સંઘર્ષ ચાલતોહતો.બંને પરિવાર ના સભ્યો મુંબઈ અને સુરત ધંધાર્થે સ્થાઈ થયા હતા.પરંતુ જમીનનો વિવાદ ચાલતો હોય ગઈકાલે વતન મોટાધાણા આવ્યા હતા.

બંને નો સામસામે આક્ષેપ છેકે અમો વાડીએ કામ કરતા હતા ને અમારી ઉપર તીક્ષ્ણ અને બોથડ ધારીયા, કુહાડા જેવા હથિયાર સાથે હુમલો કર્યો હતો.

જેમાં એક પક્ષે અનિલ પરષોત્તમભાઈ પોરિયા, હરેશ પરષોત્તમભાઈ પોરિયા અને હર્ષાબેન અનિલભાઈ પોરિયા ને ઈજા થવા પામી હતી. સામા પક્ષે સુરતના કામરેજ ખાતે રહેતા હર્ષાબેન હરેશભાઈ ચોટલીયા, રસિલાબેન બુધેશભાઈ ચોટલીયા, ઈશ્વર ગોવિંદભાઈ ચોટલિયા, હરેશ ગોવિંદભાઈ ચોટલીયા ને માથાના ભાગે તથા શરીર ના અન્ય ભાગે સામાપક્ષ કરતા વધુ ઇજાઓ હોય ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા.

ચોટલીયા પરિવાર નો પોલીસ પર આરોપ હતોકે વાડીમાં કપાસ ચોપેલોહતો.એ કપાસ સામા પક્ષના લોકોએ ખેંચી નાખ્યો હતો. આથી અમો સુરત થી અહીં આવ્યા હતા.દાઠા પોલિસ મથકે કપાસ ખેંચીને નુકસાન કર્યા ની ફરિયાદ કરવા ગયા હતા.પરંતુ ત્યાં ફરિયાદ લેવાઈ નહિ!.

# રૈયા રોડ પરની આઠ વર્ષની બાળકીનો ચાંદીપુરાનો રિપોર્ટ પોઝીટીવ

## મનપાની આરોગ્ય ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાંથી આઠ સેમ્પલ લઈ પરીક્ષણમાં મોકલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ દ્વારા શહેરના જૂદા-જૂદા વિસ્તારમાં ચાંદીપૂરાના કેસને લઈ સર્વે હાથ ભરવામાં આવ્યો છે. જેમાંથી કુલ ૮ સેમ્પલ પૃથકરણ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી રૈયા રોડ પર રહેતી આઠ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે જ્યારે પાંચ બાળકોના રિપોર્ટ નેગેટિવ અને બેના રિપોર્ટ હજુ પેન્ડિંગ હોવાનું સામે આવ્યુ છે.

સિવિલમાં એક સાત વર્ષની પોઝિટીવ બાળકીએ ૧૧ દિવસની સારવાર બાદ ચાંદીપૂરાને મ્હાત આપતા તેણીને ડિસ્ચાર્જ કરવામાં આવી છે.

આ અંગે બાળકીની સારવાર કરનાર ડો.પલક હાપાણીએ જણાવ્યુ હતું કે, 'માસૂમ બાળકીને બેભાન હાલતમાં દાખલ કરી હતી. તે આવી ત્યારે તેને તાવ, આંચકી અને શૂગર લેવલ ડાઉન થઈ ગયુ હતું. પરંતુ તબીબો અને તમામ સ્ટાફની મહેનતથી બાળકીની સચોટ સારવાર કરવામાં આવી અને આખરે બાળકીએ ૧૧ દિવસની સારવારની જંગ જીતી ચાંદીપૂરા વાયરસને હરાવ્યો હતો જેથી તેણીને આજ રજા આપવામાં આવી હતી.'

તેમજ સિવીલના મિડીયા કો-ઓર્ડિનેટર ડો.હેતલ કિયાડાએ કહ્યુ હતું કે, 'સિવીલમાં અત્યાર સુધી ચાંદીપૂરાની સારવાર માટે કુલ ૨૦ દર્દીઓ આવ્યા હતા. જેમાંથી અત્યાર સુધી ૬ દર્દીના રિપોર્ટ પોઝિટીવ અને ૮ના નેગેટિવ આવ્યા હતા અને બાકીના દર્દીના રિપોર્ટ પેન્ડિંગ છે. ૬ પોઝિટીવ દર્દીમાંથી એકનું મોત થયુ છે તો એક દર્દીને રજા આપવામાં આવી છે. જ્યારે આઠ નેગેટિવ કેસમાંથી ૬ દર્દીઓના મૃત્યુ થયા છે. હાલ ૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તેમાં ૪ પોઝિટીવ, ૨ નેગેટિવ અને ૨ શંકાસ્પદ છે. સિવીલના જનાના બિલ્ડીંગમાં હાલ વેન્ટીલેટર સહિત ૨૦ બેડની સુવિધા અને તમામ દવાઓનો સ્ટોક અવેલેબલ છે.'જ્યારે સાંજે આવેલા રિપોર્ટમાં ગત તા.૨૬ જૂલાઈના દાખલ થયેલુ ૩ વર્ષનું બાળક પોઝિટીવ હોવાનું સામે આવ્યુ છે. તો બીજી તરફ અન્ય બે દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

# શેરબજારમાં રોકાણ કરાવી ઉંચા વળતરની લાલચ આપી શખ્સે ફેરવ્યુ રૂા.૧૫ કરોડનું ફુલેકુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાગરિક બેંકની પાછળના ભાગે આવેલી સોસાયટીમાં રહેતા શખ્સે અયોધ્યા ચોકમાં આવેલી એક બિલ્ડીંગના આઠમા માળે ધ મની પ્લાન્ટ ઇન્વેસ્ટમેન્ટ નામની શેરબજારની પેઢી ખોલી હતી અને મિત્ર તથા તેના સગા સંબંધીઓને શેર બજારમાં મહિને ૧૫ થી ૨૦% ના વળતરની મધલાળ આપી ફસાવ્યા હતા. પરંતુ આ શખ્સ ૪૦ થી ૪૫ રોકાણકારોના અંદાજે ૧૫ થી ૨૦ કરોડનું ફુલેકું ફેરવી નાશી જતાં અમુક રોકાણકારોએ આ મામલે પોલીસમાં લેખિત ફરિયાદ આપી છે.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રોડ પર નાગરિક બેંકની પાછળના ભાગે આવેલી સોસાયટીમાં રહેતા નીરવ મહેતા નામના શખ્સે અયોધ્યા ચોકમાં આવેલી એક બિલ્ડીંગના આઠમા માળે "ફેર ધ મની પ્લાન્ટ ઇન્વેસ્ટમેન્ટ નામની શેરબજારના વ્યવસાય સાથે સંકળાયેલી પેઢી શરૂ કરી હતી. ત્યારબાદ તેમણે તેમનો વ્યવસાય શરૂકરવા માટે નજીકના મિત્રોને ઇન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું અને આ તમામ મિત્રોએ તેમની મોટી રકમ નીરવ મહેતાની ફેર ધ મનીપ્લાન્ટ ઇન્વેસ્ટમેન્ટમાં ઇન્વેસ્ટ કરી હતી. તે સમયે નીરવ મેતાએ કહ્યું હતું કે પોતે પોર્ટફોલિયો મેનેજ કરી નિફ્ટીમાં નાણા લગાવશે. આ ઉપરાંત મિત્રોએ રોકેલા નાણા પેટે દર મહિને ૧૫% વળતર પણ ચોક્કસપણે આપશે તેની બાહેધરી પણ આપી હતી.

કહેવાય છે કે નજીકના ૯ થી ૧૦ જેટલા મિત્રોએ તેમના બે થી અઢી કરોડ જેટલા રૂપિયા નીરવ મહેતાને આપ્યા હતા અને તેણે ટ્રેડિંગ શરૂ કર્યું હતું. એક વર્ષ સુધી દર મહિને નીરવ મહેતાએ નાણાં ચૂકવ્યા હતા. જેથી વિશ્વાસ કેળવાઈ જતા આ નવ મિત્રોના નજીકના તમામ સગા સંબંધીઓ અને તેઓના મિત્રો ૨૫ થી ૩૦ વ્યક્તિઓ તેમની સાથે જોડાયા હતા અને કહેવાય છે કે, આ તમામે સાથે મળી નીરવ મહેતાને ૧૫ થી ૨૦ કરોડ રૂપિયા શેર બજારમાં લગાવવા માટે આપ્યા હતા. પરંતુ નીરવ મહેતાને લોસ જતા તેણે કમાણી થતી રકમ આપવાનું બંધ કરી

દીધું હતું. જેથી તમામ લોકોનો વિશ્વાસ તૂટીયો હતો. આ બાબતની જાણ મિત્રોને થતા તમામ મિત્રોએ નીરવ મહેતાને ફરી વખત ઉભો કરવા માટે એક થી દોઢ કરોડ રૂપિયા શેર બજારમાં લગાવવા માટે આપ્યા હતા અને કહ્યું હતું કે આ રૂપિયા લગાવી માઇનસ રકમ સરભર કર અને દેણું ચૂકતે કરજે પરંતુ નીરવ મહેતાની દાઢ દળકી હતી અને ધીમે ધીમે ઇન્વેસ્ટરોની રકમ ચાલુ કરવાનું નક્કી કરી લીધું હતું. એટલું જ નહીં સંકટ સમયે તેની બાજુમાં ઊભા રહેનારા નજીકના મિત્રોને પણ ધુમ્બો મારવાનું નક્કી કરી લીધું હતું.રોકાણકારો અને મિત્રોએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# યુવતીનો નગ્ન વિડિયો કોલ રેકોર્ડીંગ કરી બિભત્સ માંગણી કરતા શખ્સ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, અમરેલી**

મૂળ રાજુલામાં રહેતી એક ૧૯ વર્ષની વિદ્યાર્થીનીએ અમરેલીના સાયબર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ અમરેલીમાં લાઠી રોડ પર આ ઘટના બની હતી. ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. રવિના ૦૨૭૫ નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવનાર ધારકે સોશ્યલ મીડીયાના તથા ઈન્ટરનેટના માધ્યમથી આ યુવતીના મિત્રની ખોટી ઓળખ આપી મિત્રતા કરી હતી. બાદમાં વિડીયો કોલ કરી શરીરના ગુપ્ત ભાગ બતાવી વિડીયો કોલનું સ્ક્રીન રેકોર્ડીંગ કરી લીધું હતું. યુવતી પાસે વિડીયો કોલ કરીને તેના ગુપ્ત ભાગો બતાવા અંગેની બિભત્સ માંગણી કરી તેના ફોટા-વાયરલ કરી પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાના બદઇ રાદે તે ફેક આઈ.ડી. માંથી બિભત્સ માંગણી કરી ગુનો કર્યાની ભોગ બનેલા યુવતીએ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

# ગૃહ રાજયમંત્રીના ફેસબુક એકાઉન્ટ પર નકલી આઈડીમાંથી રિકવેસ્ટ આવે તો રિપોર્ટ કરવા હર્ષ સંઘવીની અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગૃહ રાજ્યમંત્રીના નામે ફેક ફેસબુક એકાઉન્ટ સક્રિય થયુ છે. જેમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અપીલ કરી છે. તેમાં ઈડી પરથી મેસેજ કે રિકવેસ્ટ આવે તો રિપોર્ટ કરો. હર્ષ સંઘવીની ફેસબુક, ઇન્દ્રાગ્રામના માધ્યમથી અપીલ છે. સુરતમાં ગૃહ રાજ્ય મંત્રીનું ફેક ફેસબુક આઈ.ડીબનાવામાં આવ્યું છે. જેમાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ફેસબુક અને ઇન્ટાગ્રામના માધ્યમથી લોકોને અપીલ કરી



છે. તેમાં આઈડી પરથી મેસેજ કે રિકવેસ્ટ આવે તો રિપોર્ટ કરો તેમ જણાવ્યું છે. તો બીજી તરફ સુરતપોલીસ કમિશનર અનુપમ ગેહલોતનું પણ ફેક ફેસબુક આઈડી બનાવામાં આવ્યું છે. સાયબર ઠગબાજો દ્વારા સુરત શહેરમાં નામાંકિત લોકોના નામે સોશિયલ મીડિયા પર આઈડી બનાવી રૂપિયા માંગવામાં આવે છે. લોકો અથવા પ્રખ્યાત ઉદ્યોગ પતિઓની નકલી પ્રોફાઈલ્સની મોટી સમસ્યા છે. આવા ફેક એકાઉન્ટ બનાવવા પાછળ અલગ-અલગ કારણો હોઈ શકે છે. આ પ્યોર-પ્લે પેરોડી એકાઉન્ટ્સથી માંડીને તોફાન અથવા ગુના કરવા અથવા નાણાકીય છેતરપિંડી કરવા માટે બનાવેલા એકાઉન્ટ્સ સુધીની શ્રેણી હોય શકે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT